કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૩ મે, ૨૦૨૪ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વીંજાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતીનભાઈ ખત્રી :-
90990 79304, 96385 60091
શોપ નં.૫, પંચવટી કોમ્પલેક્ષ, નલીયા-છાડુંરા રોડ, નલીયા તા.અબડાસા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૫◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ - ૧૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## અબ કી બાર-ફિર સે મોદી સરકાર : રાષ્ટ્રીય અધ્યક્ષ

# વિકસિત ભારત માટે ભાજપને મત : શ્રી નડ્ડા

**દાહોદમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષે વિશાળ જનસભાને કર્યુ સંબોધન : ભાજપસરકારની વર્ણવી વિકાસગાથા, વિપક્ષ પર વરસાવ્યા શાબ્દીક ચાબખા**







ગાંધીનગર : ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ગુજરાતના બે દીવસ પ્રવાસે પર છે. તેઓએ આજ રોજ રાજ્યના આદિવાસી વિસ્તાર દાહોદમાં વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતું. શ્રી નડ્ડાએ કહ્યુ કે, હું આજે અહી આવ્યો છુ ત્યારે કહેવા

અનુસંધાન પાના નં.૪ પર

### નડ્ડાના ઉદબોધનના મુખ્ય અંશ

૧. મોદીજીએ ભારતના અર્થતંત્રને મજબુત બનાવ્યું છે ૨. તમામ પરીવારવાદી પાર્ટી ભ્રષ્ટાચારી છે ૩. હવે જાતીવાદ નહી વિકાસ વાદ ચાલે છે ૪. ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા ૫. વિકસીત ભારત માટે ભાજપને આપો મત ૬. મોદીજીએ આદિવાસીઓની ચિંતા દુર કરી ૭. દેશની અર્થવ્યવસ્થા પાછલા દસ વરસમાં મજબુત બની છે ૮. હવે વિકાસના નામે લડાય છે ચૂંટણી ૯. મોદીજીના નેતૃત્વમાં દેશ બદલાઈ રહ્યો છે ૧૦. સૌનો સાથ-સોનો વિકાસ, સોનો વીશ્વાસ-સૌનો પ્રયાસને સાર્થક કરવા શ્રીનડ્ડાએ સૌને કર્યુ આહવાન ૧૧ છ શહેરોમાં સ્માર્ટસીટી યુનિટ મળી રહ્યા છે ૧૨. દાહોદ સ્માર્ટ સીટી સાથે જોડાશે ૧૩. પ્રથમ બુલેટટ્રેન ગુજરાતથી જ ચાલશે ૧૪. રીફોર્મ-પર્ફોર્મ, ટ્રાન્સફોર્મ એ જ ભાજપનો વિકાસ બીજમંત્ર

## વિપક્ષ-કોંગ્રેસ હતાશ : હવે શરૂ કર્યો વોટ-જેહાદ


# મમતાના ગઢમાંથી મોદીનો હુંકાર

**પ.બંગાલમા વડાપ્રધાને વિશાળ જનસભાને કર્યુ સંબોધન : વિપક્ષ-કોંગ્રેસ-ડાબેરીઓ-ટીએમસીને લીધા આડેહાથ, કહ્યું, વિપક્ષ પાસે વિકાસના વિઝનનો અભાવ : લોકો માટે હવે ભાજપ જ આશાનું કિરણ**

(પ્રતિનિધિ દ્વારા)

કોલકત્તા : દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ચૂંટણી પ્રચારને અલગ અલગ રાજયોમાં વેગવાન બનાવી રહ્યા છે. તાજતેરમા જ તેઓએ બે દીવસ ગુજરાતનો ચૂંટણી પ્રવાસ કર્યા બાદ ગઈકાલે તેઓ કોલકત્તા પહોચ્યા છે અને પશ્ચીમ બંગાલમાં આજથી વડાપ્રધાને ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો આરંભ કરી દીધો છે.

આજ રોજ વડાપ્રધાને અહીના વર્ધમાનમા એક વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ. વડાપ્રધાને કહ્યુ કે, વિપક્ષ, ડાબેરીઓ અને કોંગ્રેસ તથા ટીએમસી પાસે વિકાસનુ કોઈ વિઝન જ



નથી. તેમની પાસે વિકાસની

અનુસંધાન પાના નં.૪ પર

## મહારાષ્ટ્રના મહાડમા શિવસેના નેતાનું હેલિકોપ્ટર ક્રેશ



**ઉદ્ધવજુથના નેતા માટે આવ્યુ હતુ હેલિકોપ્ટર**

નવી દીલ્હી : દેશભરમાં લોકસભાની ચૂંટણીનો માહોલ ગરમાયેલો છે. પ્રચાર પ્રસાર પુરજોશમાં ઠેર ઠેર ચાલી રહ્યા છે. તે દરમ્યાન જ આજ રોજ મહારાષ્ટ્રના મહાડમાંથી પ્રચાર દરમ્યાન એક નેતાનુ હેલીકોપ્ટર ક્રેશ થયુ હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે. મહારાષ્ટ્રના મહાડમાં શિવસેનાના ઉમેદવારનુ હેલીકોપ્ટર લેન્ડીંગ ઉતરાણ વખતે બલેન્સ ગુમાવતા ક્રેશ થવા પામ્યુ હોવાના અહેવાલો મળી રહ્યા છે. જો કે, બન્ને પાયલોટનો આબાદ બચાવ થવા પામી ગયો છે.

## મોદી ૭મીએ ફરી આવશે ગુજરાત : રાણીપમાં ૭:૩૦ વાગ્યે કરશે મતદાન



ગાંધીનગર : લોકસભાની ચૂંટણીના બે તબક્કાનું મતદાન સંપન્ન થવા પામી ગયુ છે અને હવે ત્રીજા તબક્કાનું મતદાન યોજનાર છે. ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ફરીથી ગુજરાત પધારી રહ્યા છે. આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર આગામી ૭મી મેના રોજ વડાપ્રધાન અમદાવાદ આવશે અને સવારે ૭:૩૦ કલાકે રાણીપના નિશાન વિદ્યાલયમાં મતદાન કરશે તેવા અહેવાલો પ્રાપ્ત થયા છે.

## લોકસભા ચૂંટણી પહેલા રાજકોટમાં કોંગ્રેસને મોટો ઝટકો

### પૂર્વ મેયર અશોક ડાંગરે કર્યા કેસરિયા

ગાંધીનગર : લોકસભાની ચૂંટણી યોજાય તે પૂર્વે જ કોંગ્રેસને માટે ફરીથી માઠા ખબર રૂપ અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ બાબતે મળતી માહીતી અનુસાર રાજકોટના પૂર્વ મેયર અશોક ડાંગર દ્વારા આજ રોજ કેસરીયો ખેસ ધારણ કરી અને પંજાને રામ રામ કરી દીધા છે. પૂર્વ મેયર અશોક ડાંગર અગાઉ ભાજપમાં જ હતા તેઓ મહાનગરપાલિકાની ચૂંટણી વખતે ભાજપ છોડી તેઓએ કોંગ્રેસનો હાથ પકડયો હતો. પરંતુ હવે ફરીથી મોદીજીની વિકાસનીતીથી પ્રભાવીત થઈ તેઓએ કોંગ્રેસ છોડયુ છે.

## લોરેન્સના રાઈટ હેન્ડ ગોલ્ડી બ્રાર ગુજરાતના ઘણા કેસમાં વોન્ટેડ

**એટીએસ દ્વારા પકડવામાં આવેલા ડ્રગ્સ કન્સાઇનમેન્ટ લોરેન્સના ઇશારે ગોલ્ડી બ્રારે મગાવ્યા હતા**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કરાવનાર લોરેન્સ બિશ્નોઇનો રાઈટ હેન્ડ એટલે ગેંગ સ્ટાર ગોલ્ડી બ્રાર, જે હાલ વિદેશમાં છે. બે દિવસથી ગોલ્ડી બ્રારની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હોવાની ચર્ચાઓ જોર પકડ્યું છે. બીજી તરફ, અમેરિકાની પોલીસ ગોલ્ડીની હત્યા થઈ ન હોવાનું જણાવી રહી છે. આ તમામ બાબતો વચ્ચે ગુજરાત એટીએસના ચોપડે ગોલ્ડી બ્રાર ઘણા કેસમાં વોન્ટેડ છે.

ગોલ્ડી બ્રાર પંજાબના મુક્તસર સાહિબનો વતની છે. વર્ષોથી તે બિશ્નોઇ ગેંગ સાથે જોડાઇ ગયો હતો. ભારત સરકારે તેને પણ આતંકવાદી જાહેર કરી દીધો છે. ગોલ્ડી વર્ષોથી વિદેશમાં રહીને લોરેન્સ માટે કામ કરી રહ્યો છે. થોડા વર્ષો પહેલાં જ પંજાબના ગાયક સિદ્ધુ મુસેવાલની હત્યા કેસમાં પણ બિશ્નોઇ ગેંગના ગોલ્ડી બ્રારની સીધી સંડોવણી સામે આવી હતી.હાલમાં જ સલમાન ખાનના ઘર પર બાઇક સવાર બે યુવાનોએ ફાયરિંગ કર્યુ હતું. જે પૈકી એક હુમલાખોરે તો પોલીસ કસ્ટડીમાં આપઘાત પણ કરી લીધો છે. હવે આ તમામ ઘટનામાં લોરેન્સ બિશ્નોઇનો સૌથી અંગત ગોલ્ડી બ્રાર જ હાલ તેની ગેંગ હેન્ડલ કરી રહ્યો છે. હવે ગોલ્ડીની હત્યાના સમાચારને લઈને જુદી જુદી વાતો વહેતી થઈ રહી છે. થોડા સમય પહેલાં જ અમદાવાદ એટીએસના એસીપી ભાવેશ રોજિયા દ્વારા પકડવામાં આવેલા મોટા ડ્રગ્સ કન્સાઈન્મેન્ટમાં ગોલ્ડી બ્રારની સીધી સંડોવણી હોવાનું સામે આવતાં તેના વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે, ગોલ્ડી વિદેશ હોવાથી તપાસ અટકી ગઇ હતી. આ ઉપરાંત પણ ગુજરાતમાં ઘણી જગ્યાએ ગોલ્ડી વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી.

## પંજાબમાં પ્રચંડ વિજય મેળવવા રૂપાણી દ્વારા બેઠેકોનો ધમધમાટ

ગાંધીનગર :લોકસભા ચૂંટણી માટેના પ્રચારનો દોર ચાલુ છે.રાજકોટના કેટલાક પ્રભારીઓને અન્ય રાજયોમાં પ્રચાર પ્રસાર માટે મોકલવામાં આવ્યા છે ત્યાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પંજાબના પ્રભારી બની પ્રચાર પ્રસારની જવાબદારી સોપવામાં આવી છે.તેઓ છેલ્લા ચાર દિવસથી પંજાબમાં પડાવ નાખી વિવિધ કામગીરીની સમીક્ષા કરી



રહ્યા છે. અને આજરોજ વધુ એક બેઠકમાં ભાગ લીધો હતો.આજરોજ પંજાબના તરનતારન સાહિબ લોકસભા સીટની ભાજપ કોર કમીટીના પદાવીકારીઓની સંગઠનાત્મક બેઠક યોજાય હતી.જેમાં ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી પણ જોડાયા હતા અને પ્રચાર પ્રસારની કામગીરીની સમીક્ષા કરી હતી. આ તકે ત્યાના ભાજપ પ્રભારીઓને પ્રોત્સાહીત કર્યા હતા અને ભાજપના પ્રચંડ વિજય માટે જયઘોષ કરાવ્યો હતો.તેઓને પંજાબના પ્રભારી તરીકે મોકલવામાં આવ્યા છે. હાલ ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પ્રચારનો ધમધમાટ ચાલુ છે. પંજાબમાં પ્રચંડ વિજય મેળવવા તૈયારીઓ ચાલી રહી છે.

## રાયબરેલી બેઠક પરથી રાહુલ ગાંધીએ ઉમેદવારી પત્ર ભર્યું

**અમેઠી બેઠક પરથી કિશોરીલાલ શર્માએ ઉમેદવારી પત્ર ભર્યું : અમેઠી થી ચૂંટણી લડનાર કીશોરી લાલ.શર્મા સોનિયા ગાંધીના નજીકના નેતા તરીકે ઓળખાય છે : છેલ્લા ઘણા વર્ષોથી કિશોરી લાલ શર્મા અમેઠી અને રાયબરેલી બેઠક પર રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી માટે ચૂંટણી પ્રચારની કામગીરી સંભાળતા હતા**

નવી દિલ્હીઃ રાયબરેલી લોકસભા બેઠક પરથી રાહુલ ગાંધીએ આજે કોંગ્રેસ પક્ષના સિનિયર નેતાઓની ઉપસ્થિતિમાં પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું જ્યારે અમેઠી લોકસભા બેઠક પરથી કિશોરીલાલ શર્માએ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.

ઉત્તર પ્રદેશમાં રાયબરેલી બેઠક પરથી રાહુલ ગાંધીનું નામ અને અમેઠી બેઠક પરથી કિશોરીલાલ શર્મા ને કોંગ્રેસે ઉમેદવાર તરીકે જાહેર કરતા તમામ અટકળોનો અંત આવ્યો છે. ભારે સસ્પેન્સ બાદ આખરે ગત મોડી રાત્રે કોંગ્રેસે સોશિયલ મીડિયા મારફતે અમેઠી અને રાયબરેલી ના ઉમેદવારના નામોની જાહેરાત કરી હતી.કોંગ્રેસે રાહુલ ગાંધીનું નામ રાયબરેલી બેઠક પરથી જાહેર કરતા આજે રાહુલ ગાંધી જંગી સભા કર્યા બાદ રોડ શો યોજશે. રાયબરેલી બેઠક પરથી કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે ઉમેદવારી પત્ર ભર્યું તે સમયે તેમની સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી પ્રિયંકા ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમેઠી બેઠક પરથી સોનિયા ગાંધીના નજીકના

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
- દેવેન વ્યાસ



વેકેશન ભલે પડી ગયું, આવી ગરમીમાં ફરવા જવાની જીદ કરી ગરમી ન બતાવ !

## રાજભવનમાં જ છેડતી! પ.બંગાળના ગવર્નર બોઝ સામે મહિલાની ફરિયાદ

કોલકતા : પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર રાજભવનની એક મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. તેણે હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં આ અંગે લેખિત ફરિયાદ આપી છે.સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મહિલાનો આરોપ છે કે તે ૨૪ માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી સાથે ગઈ હતી. પછી રાજ્યપાલે ગેરવર્તણૂક કરી. જ્યારે ગુરુવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે ફરિયાદ લઈને રાજભવનની બહાર તૈનાત પોલીસ અધિકારી પાસે ગઈ.જો



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોલકતા ચુંટણી પ્રવાસ સમયે જ રાજયપાલ આનંદ બોઝ મુશ્કેલીમાં**

કે રાજ્યપાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર મહિલાના આરોપોને નકારી કાઢ્યા છે.

## રાષ્ટ્રપતિભવનને બોમ્બથી ઉડાળવાની ધમકીથી ખળભળાટ

નવી દિલ્હીઃ બોમ્બના કોલથી દિલ્હી પોલીસના કંટ્રોલ રૂમમાં ગભરાટ ફેલાયો હતો. ફોન કરનારે પોલીસને જણાવ્યું કે રાષ્ટ્રપતિ ભવનમાં બોમ્બ મુકવામાં આવ્યો છે અને તે ૧૫ મિનિટમાં વિસ્ફોટ થશે. આટલું બોલતાની સાથે જ કોલ કરનારે ફોન સ્વીચ ઓફ કરી દીધો. ફોન આવતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. આ પછી પોલીસે ભારે પ્રયાસ કરીને આરોપીને પકડી લીધો. આરોપીની ઓળખ રવિન્દ્ર તિવારી તરીકે થઈ છે. પોલીસે તેની પાસેથી એક મોબાઈલ ફોન કબજે કર્યો છે.પોલીસે જણાવ્યું કે સોમવારે રાત્રે પીસીઆરને ફોન આવ્યો કે રાષ્ટ્રપતિ ભવનમાં બોમ્બ મુકવામાં આવ્યો છે. ફોન કરનારે

અનુસંધાન પાના નં.૪ પર

### દિલ્હીની શાળાને ફરી મળી બોમ્બની ધમકી

નવી દીલ્હી : દિલ્હીની શાળાને ફરી એકવાર બોમ્બની ધમકી મળી છે. આ ધમકીભર્યો મેઈલ પોલીસ કમિશનરના ઓફિશિયલ મેઈલ આઈડી પર આવ્યો છે. આ પહેલા બુધવારે દિલ્હી એનસીઆરમાં ૮૦ થી વધુ શાળાઓને બોમ્બની ધમકી મળી હતી જેના કારણે દરેક જગ્યાએ ગભરાટ ફેલાઈ ગયો હતો.ગુરુવારે ફરી એકવાર દિલ્હીની એક શાળામાં બોમ્બની ધમકી મળી છે. આ ધમકીભર્યો

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતીય ડાબેરી રાજકારણમાં મોટું નામ ગણાતા CPI નેતા અતુલ અંજનનું નિધન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી :ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અતુલ કુમાર અંજાનનું શુક્રવારે સવારે લખનૌમાં અવસાન થયું. તેઓ ઘણા સમયથી બીમાર હતા. અતુલ કુમાર છેલ્લા એક મહિનાથી લખનૌની મેયો હોસ્પિટલમાં દાખલ હતા.

૧૯૭૭માં લખનૌ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ તરીકે રાજકારણની શરૂઆત કરનાર અતુલ અંજનને ડાબેરી રાજકારણનો મોટો ચહેરો માનવામાં આવતો હતો. અતુલ કુમાર અંજન, ૨૦ વર્ષની વયે, નેશનલ કોલેજ સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. વિદ્યાર્થીઓની ચિંતાઓ વધારવા માટે લોકપ્રિય અંજને લખનૌ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના પ્રમુખ પદ માટે સતત ચાર વખત ચૂંટણી જીતી હતી. અતુલ કુમાર એક પ્રભાવશાળી વ્યક્તિ હતા, જેમને લગભગ અડધો ડઝન ભાષાઓનું જ્ઞાન હતું. અંજન તેના યુનિવર્સિટીના દિવસોમાં ડાબેરી પક્ષમાં જોડાયો હતો.અતુલ કુમાર અંજન ઉત્તર પ્રદેશમાં પ્રખ્યાત પોલીસ-પીએસી બળવાના મુખ્ય નેતાઓમાંના એક હતા.

# વિજયના વિશ્વાસ થકી દેશભરમાં ફેલાશે કમળની સુવાસ : વિનોદભાઈ ચાવડા






## નખત્રાણામાં વિનોદ ચાવડાનો રોડ શો યોજાયો : વિરાણીમાં જાહેરસભામાં ધારાસભ્ય સહિત ભાજપ પરિવાર રહ્યો ઉપસ્થિત

ભુજ : ભાજપના લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડાએ નખત્રાણામાં ભવ્ય રોડ શો યોજી વેગવંતો પ્રચાર કર્યો હતો. ભાજપના રાજમાં સર્વાંગી વિકાસ થયો છે તેમ જણાવી કમળના બટન દબાવીને લોકસભામાં જવલંત વિજય ભાજપને અપાવવા અપીલ કરી હતી. કોઈપણ પ્રકારના ભ્રામક પ્રચારમાં આવ્યા વિના માત્ર ભાજપની વિચારધારા અને દેશની સમૃદ્ધિ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પુનઃ સતા પર બેસાડવા અપીલ કરી હતી. ભાજપની તરફેણમાં જંગી મતદાન કરવા આહવાન કર્યું હતું. કચ્છ લોકસભા ભાજપના યુવા જાગૃત ઉમેદવાર વિનોદ ચાવડા એ પણ મતદારોને જણાવતા રહે છે કે ચુંટણીનું મહત્વ અને મહત્તા મોટી છે.

એના પરિણામો પ્રત્યેક માનવીનું જીવન ધોરણ અને દેશનું ભાવિ નક્કી કરે છે. તેમાં કયો પક્ષ વિજયી બને છે તેના પર દેશની ગતિ, પ્રગતિ અને વિચારધારા અવલંબીત છે. દેશ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મજબુત સરકારે સામાજિક, આર્થિક, વૈશ્વિક તમામ ક્ષેત્રે દેશને અગ્રેસર બનાવ્યો છે. માટે એક બાર ફિર સે મોદી સરકારના સુત્રને સાર્થક કરવા સુજ્ઞ મતદારોને અપીલ છે તેમ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું. વિનોદભાઈએ અબડાસા વિધાનસભાના દેવપર યક્ષ, મોટી વિરાણી, મંગવાણા ગામે જંગી જાહેર સભા યોજીને ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું શુભારંભ કર્યું અને ગ્રામજનો સાથે સંવાદ કરી વધુને વધુ મતદાન કરવા અપીલ કરી હતી. ત્યારબાદ નખત્રાણા શહેર મધ્યે ભવ્ય રોડશોનો આયોજન કરવામાં આવ્યું હતું. જે બસ સ્ટેન્ડ, દેવકીનગર, વથાણચોક સહિતના વિસ્તારોમાં ફરી હતી. જેમાં પાર્ટી કાર્યકર્તાઓ અને નગરજનો ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા ત્યારબાદ વિનોદભાઈ એ ડોર-ટુ-ડોર સંપર્ક કરી ફિર એક બાર મોદી સરકારનાં સંકલ્પને સાકાર કરવા આહ્વાન કર્યું હતું. ચુંટણી પ્રવાસ દરમ્યાન અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, અબડાસા વિધાનસભાના ભાજપનાં સૌ હોદ્દેદારો, જિલ્લા - તાલુકા પંચાયતના સદસ્યો સાથે નગરજનો જોડાયા હતા.

## કોટડા (જ.) ખાતે ભાજપ કાર્યાલયનું ઉદ્દઘાટન કરાયું




નખત્રાણા : સતત વ્યસતતા વચ્ચે તાલુકાના ઘણા ગામોમાં કાર્યાલયના ઉદ્દઘાટન અને પ્રચારની મેરેથોન પ્રવાસ વિનોદભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામની વિવિધ જ્ઞાતિના આગેવાનો દ્વારા વિનોદ ચાવડાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુના કોંગ્રેસી જુથના પ્રેમજીભાઈ ભોજા વાઘેલા અને તેમના સમર્થકોએ કેસરિયો ખેસ પી.એમ. જાડેજા અને વિનોદભાઈના હસ્તે સ્વીકારી ભાજપમાં જોડાઈ અને સમર્થન જાહેર કર્યું હતું. સન્માનના પ્રત્યુતરમાં શ્રી ચાવડાએ ગ્રામજનોનો આભાર માન્યો હતો અને પોતે સ્થાનિક ઉમેદવાર છે તેમજ પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા ભાજપને મત આપી દેશની પ્રગતિની ગાડી પુરપાટ દોડાવવા ઉપસ્થિત ગ્રામજનોને અપીલ કરી હતી. તેમજ પી.એમ. જાડેજાએ પણ વિનોદભાઈને મત આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હાથ મજબૂત કરવા લોકોને અપીલ કરી હતી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. બુથ પ્રમુખોને પોતપોતાના બુથ સાચવવા અને વધારેમાં વધારે મતદાન કરવા સુચના આપી હતી. સંચાલન હરિસિંહ સોઢાએ કર્યું હતું.


### ઉગેડી દૂધ ઉ.સ.મં. લી.,તા. નખત્રાણા

**ટેન્ડર નોટિસ**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે ઉગેડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. નું દૂધ ઘર બાંધકામ કરવા માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. સંબધિતો ને દિવસ તા.૦૩/૦૫/૨૦૨૪ થી ૦૯/૦૫/૨૦૨૪ સુધી ટેન્ડર ના બાંધકામ ના પ્રતિ ફુટ ભાવ ભરીને બંધ કરવામાં નીચે મુજબના સરનામે મોકલાવવા વિનંતી.

સંપર્કઃ ઉગેડી દૂધ ઉ.સ.મં. લી.,તા. નખત્રાણા
મોઃ- 96385 08926


## છેર પાવર પ્રોજેક્ટ પાસે લાગેલી ભિષણ આગથી ઘાસને નુકશાન

માતાનામઢ : લખપત તાલુકાના છેર પાવર પ્રોજેક્ટની બહાર ચરિયાણ મેદાનમાં આગ લાગતા ઉગેલું સુકુ ઘાસ બળીને ભષ્મીભૂત થઈ ગયું હતું. પવનની ગતિના કારણે આશરે ૧૫૦ હેકટરમાં આગ ફેલાઈ હતી. અથાગ પ્રયત્ન બાદ આગ ઉપર કાબૂ મેળવી શકાયા હતો. આગ લાગી હોવા બાબતે જીએમડીસીને જાણ કરવા છતાં એક પણ ફાયર ફાઈટર મોકલવામાં આવ્યું ન હતું અને અધિકારીઓને ફોન કરવા છતાં કોઈએ ઉપાડ્યો ન હતો. જેથી આગ પ્રસરી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનો દ્વારા હાથ વગા સાધનોથી પ્રયત્નો કરી આગ બુઝાવાઈ હતી. નજીક પાવર સ્ટેશન હોવા છતાં ત્યાં પણ પુરતા સાધનો નથી. અવાર નવાર સરહદી વિસ્તારમાં આ પ્રમાણે આગના બનાવ બને છે, પરંતુ સ્થાનિકે કરોડો રૂપિયા રળતા એકમો એક ફાયર બ્રિગેડની સુવિધા અપાવી શકવામાં નિષ્ફળ નિવડ્યા છે.

## બાપાદયાળુ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ જ્ઞાતિના છાત્રોને અડધા ભાવે નોટબુક વિતરણ કરાશે

ભુજ : દર વર્ષની જેમ ચાલુ વર્ષે તમામ જ્ઞાતિના છાત્રોને અડધા ભાવે બ્રાન્ડેડ કંપનીની નોટબુકનું વિતરણ આગામી ૯-૫થી સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બાપાદયાળુ ચેરિટેબલ ટ્રસ્ટ નખત્રાણા દ્વારા કરાશે. આ નોટબુકનું વિતરણ રસિક કતીરા પાર્ટી પ્લોટ ખાતે ભુજ લોહાણા મહાજનના સાનિધ્યમાં જ્ઞાતિ પ્રમુખ મુકેશભાઈ ચંદેના અધ્યક્ષસ્થાને સમાજમાં મોવડીઓ સાથે સહયોગી સંસ્થાઓના હોદ્દેદારો જોડાશે. બાપા દયાળુ ચેરિટેબલ ટ્રસ્ટના જયેશ જમનાદાસ સચદે (બાપાદયાળુ) દર વર્ષે અડધાભાવે નોટબુકોનું વિતરણ કરે છે. સાથે જરૂરીયાતમંદ લોકોને વિનામૂલ્યે નોટબુક આપે છે. આ વિતરણ વ્યવસ્થા માટે ભુજ લોહાણા યુવા મંડળ, અખિલ ગુજરાત લોહાણા યુવા સમિતિ, રઘુવંશી સોશ્યલ ગ્રૂપ, બાપાદયાળુ ગ્રૂપ, રઘુવંશી યુવા શક્તિનો સહયોગ રહેશે.






## કચ્છ લોકસભા ચૂંટણીનો પ્રચાર વેગમાં

# ગઢશીશામાં લોકસભા ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકાયું




### જુના જનસંઘી વલ્લભજી છાભૈયા અને પથુભા જાડેજાના હસ્તે રીબીન કાપી કાર્યાલય ખુલ્લું મુકાયું: કાર્યકરોમાં જોવા મળ્યો અનેરો ઉત્સાહ : અબકી બાર ચારસો પારનો લગાવ્યો નારો : વિવિધ સમાજોના અગ્રણીઓએ આપેલી હાજરી

ગઢશીશા : દેશમાં યોજાયેલી લોકસભા ચૂંટણીને અનુલક્ષી પ્રચારકાર્યો જોર-શોરમાં ચાલી રહ્યા છે. ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનસકાંઠાના ડીસા અને સાબરકાંઠાના હિંમતનગરખાતે જંગી જનસભાઓને સંબોધી વિકસીત ભારતનો સંદેશો આપ્યો હતો. કચ્છ-મોરબી લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને જંગી બહુમતીથી ચુંટણી કચ્છના કમળને દિલ્હી મોકલવા પ્રચારકાર્યો જોર-શોરમાં ચાલુ હોવાનું સાથે શહેરોમાં કાર્યાલયો રેલીઓની સાથે ગ્રામીણ વિસ્તારોમાં લોકસભા ચૂંટણી કાર્યાલયો શરૂ કરવામાં આવી રહ્યા છે ત્યારે ભાજપનું ગઢ ગણાતા ગઢશીશા ગામમાં આજે ગઢશીશાના જુનાસંઘી વલ્લભજીભાઈ માધવજી છાભૈયાના વરદહસ્તે રીબીનકાપી ભાજપ કાર્યાલયને ખુલ્લું મુકાયું હતું. શ્રી છાભૈયાએ આજના પ્રસંગે વિકસીત ભારતના સ્વપ્નદષ્ટા- વિશ્વગુરૂ નરેન્દ્રભાઈ મોદીને દુરદેશી ઉપર પ્રકાશ પાડતાં પુર્ણ બહુમતથી ભાજપ દેશમાં જવલંત વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હોત. પથુભા જાડેજાએ તેમાં સુર પુરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સા. તથા પૂર્વ ચેરમેન, તા. પં. સદસ્ય હરેશભાઈ રંગાળી, તા.ભા.જ.પ. પુર્વ ઉપપ્રમુખ સુનીલ ચોથાણી, બળુભા જાડેજા, પુર્વ સદસ્યા અવનીબેન ભગત, તા.ભા.જ.પ. મહામંત્રી મહેન્દ્રભાઈ રામાણી, તા.ભા.જ.ત. બક્ષીપંચ મોરચાના પ્રમુખ રામજીભાઈ ગોસ્વામી, પુર્વ સરપંચ ભાઈલાલભાઈ છાભૈયા, ઉપસરપંચ વિજયભાઈ છાભૈયા સહિતના જોડાયા હતા.

પાટીદાર અગ્રણી સર્વ વસંતભાઈ છાભૈયા, સુરેશભાઈ માકાણી, પરબતભાઈ રંગાણી, શાન્તીલાલ રંગાણી, કિશોરભાઈ, હંસરાજભાઈ રંગાણી, દામજીભાઈ રંગાણી, કિશોરભાઈ છાભૈયા, કરશનભાઈ રંગાણી, કલ્યાણજીભાઈ ઉકાણી, ડાયાલાલ રંગાણી, પ્રવિણભાઈ ઉકાણી (ગ્રા.સદસ્ય), જીતુભાઈ ભગત, દલિત અગ્રણી નાનજીભાઈ આહુ, વેલજીભાઈ આહુ, રામજીભાઈ આહુ, નવીનભાઈ આહુ, બ્રહ્મ સમાજના હરિલાલ જોષી, અશોકભાઈ જોષી, દિલીપ જોશી, હિતેશ મોતા, જયંત પંડ્યા, સોની સમાજના ધર્મેન્દ્રભાઈ સોની, લાલજીભાઈ સોની, કોટડીના હેમચંદભાઈ શાહ, પૂર્વ સરપંચ હિરાભાઈ કારા રબારી, ક્ષત્રિય યુવા અગ્રણી રાજુભા કેશુભા જાડેજા, અનિલસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ, કાર્યકરો અને ગ્રામજનોએ હાજરી આપી હતી. ગઢશીશા પો.સટે.ના યુવા પી.એસ.આઈ. એમ.કે. પરમાર, એ.એસ.આસ. મહેન્દ્રભાઈ ગઢવી, હે.કો. નવીનભાઈ, ભગીરથસિંહ, રાજેન્દ્રભાઈ પરમાર સહિતનાઓએ બંદોબસ્ત જાળવયો હતો. રાજેન્દ્રગીરી ગોસ્વામીએ આભાર સાથે સંચાલન કર્યું હતું.


## વોર્ડ નં.૧૧માં લોકસભા ચૂંટણી કાર્યાલય ખૂલ્લું મૂકાયું



ભુજ : શહેરના વોર્ડ નં.૧૧માં લોકસભા ચૂંટણી કાર્યાલય ખૂલ્લો મૂકાયો હતો. આ વેળાએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, નગરસેવકો અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પ્રમુખસ્વામી નગર ખાતે વોર્ડ નં.૧૧માં ચૂંટણી કાર્યાલય જિલ્લા ભાજપના ઉપ્રમુખ રાહુલ ગોરના હસ્તે ખૂલ્લો મૂકાયો હતો. સૌ કાર્યકરોએ અબકી બાર મોદી સરકારના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ વળાએ નગરસેવિકા બિંદિયાબેન ઠક્કરે જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીનો પર્વ એ ઉત્સવ છે. આ મહાપર્વમાં રાષ્ટ્રના ઉત્થાન માટે પોતાની રીતે મતદાન કરવા જવું જોઈએ અને કચ્છ લોકસભાના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને જીતાડવા લોકોને અપીલ કરી હતી. આ પ્રસંગે પૂર્વ નગરપતિ ઘનશ્યામ આર. ઠક્કર, નગરસેવકો મનુભા જાડેજા, જયંત ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. આ વેળાએ કરણી સેનાએ વિરોધ કરતા પોલીસે અટકાવ્યા હતા.

## બજારભાવ

| | | | |
|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | કોબી દેશી | ૫-૧૫ |
| **૧૦૦ કિલોના ભાવ** | | કોબી | ૫-૧૦ |
| ગોવાર | ૨૭૦૦-૫૧૫૭ | ફુલાવર | ૨૦-૩૦ |
| વરિયાળી | ૪૫૦૦-૭૮૫૦ | ફુલાવર દેશી | ૧૦-૩૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | વટાણા | ૮૦-૧૨૦ |
| **૪૦ કિલોના ભાવ** | | ધાણા | ૨૦-૨૫ |
| એરંડા | ૧૬૦૦-૨૧૭૮ | ભીંડા | ૩૦-૪૦ |
| ઈશબગુલ | ૩૮૦૦-૫૨૫૨ | કાકડી કાળી | ૧૦-૨૦ |
| ખાધાજીરૂ | ૮૦૦૦-૯૨૧૦ | કાકડી સફેદ | ૫-૧૨ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | કાકડી ખીરા | ૧૫-૩૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | પાલક | ૨૦-૩૫ |
| ગોવાર | ૪૯૦૦-૫૦૦૦ | લસણ સુકું | ૧૩૦-૧૮૦ |
| વરિયાળી | ૩૦૦૦-૭૨૦૦ | લીંબુ | ૩૦-૯૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૫ |
| **૪૦ કિલોના ભાવ** | | દુધી | ૩-૧૦ |
| એરંડા | ૨૦૫૫-૨૨૧૧ | આદુ | ૧૦૦-૧૫૦ |
| કપાસ | ૨૯૭૧ | કારેલા | ૧૫-૩૦ |
| જીરૂ | ૭૫૦૦-૯૪૪૦ | શક્કરિયા | ૨૦-૩૫ |
| અજમો | ૪૦૦૦-૪૭૨૦ | ચોળા ડોલર | ૧૫-૪૫ |
| ઈશબગુલ | ૩૯૦૦-૪૯૩૬ | ચોળી | ૨૫-૭૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | ગીલોડા | ૨૫-૩૫ |
| જીરૂ | ૩૫૯૨-૪૫૫૧ | મરચા સીમલા | ૨૦-૪૫ |
| વરિયાળી | ૮૫૨-૧૩૮૧ | ગોવાર દેશી | ૨૦-૬૦ |
| ઈશબગુલ | ૨૩૨૬-૨૪૫૦ | ગોવાર | ૨૦-૪૦ |
| એરંડા | ૧૦૬૬-૧૦૮૯ | ગીસોડા | ૫-૧૫ |
| રાયડો | ૮૭૩-૯૦૦ | પરવળ | ૫૦-૬૦ |
| સોવા | ૧૦૧૧-૧૩૯૨ | સરગવો | ૧૫-૩૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | ગેલકા | ૪-૧૫ |
| એરંડા | ૧૦૭૧-૧૦૯૩ | કોળુ | ૫-૧૩ |
| ગોવાર | ૧૦૦૦-૧૦૧૫ | મેથી | ૨૦-૪૦ |
| સાખજીરૂ | ૪૨૦૦-૪૩૫૦ | બીટ | ૧૦-૨૦ |
| વરિયાળી | ૮૦૦-૧૧૯૩ | **ભુજ ફ્રુટ બજાર** | |
| અજમો | ૧૭૦૦-૨૩૯૫ | કેળા કાચા | ૧૫-૨૦ |
| ધાણા | ૧૧૦૦-૧૧૯૧ | કેળા પાકા | ૩૦-૩૫ |
| રાયડો | ૯૧૦-૯૩૭ | પપૈયા કાચા | ૭-૧૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | જામફળ | ૧૫-૪૦ |
| ડુંગળી | ૧૩-૧૬ | ચીકુ | ૧૦-૨૫ |
| બટેટા | ૨૦-૨૫ | શક્કરટેટી | ૧૦-૩૦ |
| ટમેટા | ૫-૧૮ | કાચી કેરી | ૧૫-૪૦ |
| લીલી ડુંગળી | ૫-૨૦ | પાકી કેરી | ૩૦-૭૦ |
| મરચા | ૧૦-૩૦ | કેસર કેરી | ૧૦૦-૧૫૦ |
| મરચી | ૨૦-૫૦ | ફણસી | ૬૦-૮૦ |
| રીંગણા કાળા | ૫-૧૮ | દાડમ | ૨૦-૭૦ |
| રીંગણા બાજરીયા | ૫-૨૨ | કલીંગર | ૧૦-૧૬ |

# ભુજ ફાયર વિભાગને વોટર રેસ્કયુના અધતન સાધનોથી સજ્જ કરાયું



**રીમોટથી સંચાલિ રેસ્કયુ કાર્ટ, સ્પીડ બોટ અને ફલોટીંગ પંપના માધ્યમથી આપતિના સમયે લોકોનો જીવ બચાવી શકાશે : ભુજના હમીરસર તળાવમાં સાધનોનું ટેસ્ટીંગ કરી ફાયરકર્મીઓને ઉપયોગની તાલીમ અપાઈ**

ભુજ : કુદરતી આફતોને આવતી અટકાવી શકાય નહી પરંતુ આફત ત્રાટકે ત્યારે બચાવકાર્ય માટે યોગ્ય વ્યવસ્થા અને સશાધનોથી લોકોના જીવ જરૂર બચાવી શકાય છે. ત્યારે કુદરતી આપદાઓથી સતત ઝઝુમતા રહેતા કચ્છ જિલ્લાના ભુજ ફાયર વિભાગને વોટર પ્રિવેન્સન કામગીરી માટે અધતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યું છે.ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્સન ગાંધીનગર દ્વારા ભુજ ફાયર સ્ટેશનને વોટર રેસ્કયુ માટે અધતન સાધનોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં રેસ્કયુ કાર્ટ, સ્પીડ બોટ, ફલોટીંગ પંપનો સમાવેશ થાય છે. આજે ભુજ શહેરના હમીરસર તળાવમાં ફાળવાયેલા અધતન સાધનોનું ટેસ્ટીંગ કરાયું હતું અને ફાયર કર્મીઓને સાધનોનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની તાલીમ અપાઈ હતી. ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોમાસાની સીઝન નજીક આવી રહી છે ત્યારે ગાંધીનગર ફાયર પ્રિવેન્સન દ્વારા ફાળવવામાં આવેલા અધતન સાધનો ચકાસવામાં આવ્યા છે. પુરની સ્થિતિમાં જ્યારે સામે કાંઠે રસ્તા કે કોઈ વ્યક્તિને મોકલવાનું પાણીના તેજ વહેવાના કારણે સંભવ હોતું નથી. આવી સ્થિતિમાં રિમોટથી સંચાલિત રેસ્કયુ કાર્ટ દ્વારા જરૂરી સાધનો અને વ્યક્તિને સરળતાથી સામે કાંઠે હોંચાડી શકાશે. અધતન સાધનો આપતિના સમયે લોકોના જીવને બચાવવા ઉપયોગી સાબીત થશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું..ભુજ ફાયર સ્ટેશન ખાતે વોટર રેસ્કયુના નવા અધતન સાધનોના ઉમેરાથી પુર જેવી સ્થિતિમાં બચાવ કાર્યમાં મોટી મદદ મળી શકશે.

## રંગોળીના માધ્યમથી મતદાનનો સંદેશ



લોકસભા ચૂંટણી માટેુ મતદાનના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે કચ્છ લોકસભા બેઠક પર મહત્તમ મતદાન થાય તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્ર, સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મતદારોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. મતદાન એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે અને બંધારણીય અધિકાર છે. લોકો સ્વયંભુ મતદાન કરવા આવે તે માટે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે ભુજમાં રંગોળી કરવામાં આવી હતી. ભુજની જૈનાચાર્ય અજરામરજી ઈંગ્લિશ સ્કુલનના શિક્ષિકા મિતલબેન પટેલે જણાવ્યું હતું કે જિલ્લા સેવા સદન, શિક્ષણાધિકારીની કચેરી, જ્યુબીલી ગ્રાઉન્ડ વગેરે સ્થળો પર શિક્ષિકાઓ, છાત્રાઓ દ્વારા રંગોળીના માધ્યમથી અચુક મતદાન કરવા કચ્છવાસીઓને સંદેશ અપાયો છે.

# અંજારમાં ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને અભૂતપૂર્વ આવકાર

**લોકસંપર્ક કાર્યક્રમમાં મંગળવારે ભાજપની તરફેણમાં જંગી મતદાન કરવા કરી અપીલ**









અંજાર : લોકસભા ચૂંટણી માટે મતદાનને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. અંજાર શહેરમાં વડાપ્રધાન મોદીને સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવવા અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે આગામી મંગળવારે અંજારવાસીઓ ભાજપની તરફેણમાં સંપૂર્ણ મતદાન કરી વડાપ્રધાન મોદીના હાથ મજબુત કરે તેવો અનુરોધ ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ ઐતિહાસિક અંજાર શહેરના લોકસંપર્ક કાર્યક્રમમાં કર્યો હતો. શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે તેમના નામની ઘોષણાને ગુરૂવારે બે માસ પૂર્ણ થયા છે વિતેલા બે માસ દરમ્યાન તેમણે કરેલા ચૂંટણીપ્રવાસોમાં કચ્છ, મોરબીના મતદારો તરફથી ખુબ સારૂ સમર્થન મળી રહ્યું છે. લોકોમાં વડાપ્રધાન મોદી પ્રત્યે ખુબ લાગણી જોવા મળી છે. વડાપ્રધાન મોદીના હાથ મજબુત કરવા અચુક મતદાન કરવા તેમણે અપીલ કરી હતી.

અંજાર વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા આજે લોકસંપર્ક રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં શહેરના વેપારીઓ, સામાજીક સંગઠનો, શુભેચ્છકો સાથે લોકસંપર્ક કરાયો હતો. અંજાર પાંજરાપોળ, ગંગાનાકા, ૧૨ મીટર રોડ, માંડવીચોક, માધવરાય મંદિર, મોહનરાય ચોક, સવાસર નાકા, રઘુનાથજી મંદિર વિસ્તારમાં શ્રી ચાવડાને આવકાર અપાયો હતો.

આ લોકસંપર્ક રેલીમાં જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, સરહદ ડેરીના ચેરમેન વલ્લમજીભાઈ હુંબલ, બાબુભાઈ હુંબલ, શંભુભાઈ આહિર, ડેનીભાઈ શાહ, કિશોરભાઈ ખટાઉ, અશ્વિન સોરઠીયા, પાર્થ સોરઠીયા, નિલેશ ગોસ્વામી, અંજારના નગરપતિ વૈભવ કોડરાણી, મનજીભાઈ આહિર, કાનજીભાઈ આહિર, વસંતભાઈ કોડરાણી, વેલાભાઈ ઝરૂ, અલ્પેશ દરજી, જીતુભાઈ સોરઠીયા, રમેશ ડાંગર, અશ્વિન પંડ્યા, વિજય પલણ, સુરેશ ટાંક, શંકર પરમાર, જીતુભાઈ મ્યાત્રા, મુકેશભાઈ છાંગા, જિગરદાન ગઢવી, આશીષ ગોસ્વામી, અમીત વ્યાસ, શંભુભાઈ આહિર, રાજુભાઈ પલણ વગેરે ઉપરાંત અંજાર શહેર, તાલુકા ભાજપના હોદ્દેદારો-કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ભુજના બસ સ્ટેશન પાસે યુવાન પર સરાજાહેર હુમલાથી ચકચાર

**૧૫ દિવસમાં જાહેરમાં મારામારીની બીજી ઘટના સામે આવી**

ભુજ : શહેરના બસ સ્ટેશન પાસે યુવાન પર ગઈકાલે રાત્રે સરાજાહેર જીવલેણ હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટના સ્થળે તેમજ જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ ઈન્દ્રાબાઈ સ્કૂલની સામે ૮ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. માધાપરમાં રહેતા રિક્ષા ચાલક યુવાન દામજી શામજી મહેશ્વરી પર હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉના ઝઘડાના મનદુ:ખે સુરેશ ખીમજી અને ભરત ધનજીએ બોલાચાલી કરી માથાના ભાગે પહેલા કડા વડે માર મારી જીવલેણ હુમલો કરતાં લોહી લુહાણ હાલતમાં યુવાનને સારવાર માટે જી.કે. જનરલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના સ્થળે લોકો ભેગા થઈ ગયા હતા. બાદમાં પોલીસ આવી હતી. મહત્વનું છે કે, ૧૫ દિવસ અગાઉ વાણિયાવાડ સર્કલ નજીક જુની અદાવતે જ સ્કોર્પિયોમાં તોડફોડ કરી જાહેરમાં મારામારી કરવામાં આવી હતી. એ ઘટનામાં પણ બનાવ બની ગયા પછી પોલીસ પહોંચી હતી. આ વિસ્તાર લોકોની અવરજવરથી ધમધમી રહ્યો છે. તેમજ બસ પોર્ટના કારણે સાંજ પછી મહિલાઓ સહિત પ્રવાસીઓની અવર જવર વધારે હોય છે. તે સમય ગાળામાં આ પ્રમાણે જાહેરમાં મારામારી થવાના કારણે લોકોની સુરક્ષા જોખમાય છે. બે દિવસ પહેલા જ પેટ્રોલપંપ પાસે એસટી બસના ચાલકે ટક્કર મારતા વૃદ્ધનું મોત થયું હતું. વાણિયાવાડ સર્કલે પોલીસ ચોકી હોવા છતાં આ પ્રમાણેની ઘટના પોલીસની હાજરી છતાં ગેરહાજરી સૂચવે છે. ત્યારે પોલીસે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કડક બનાવે અને લોકોને સલામતીનો અહેસાસ કરાવે તે જરૂરી છે.

## ગાંધીધામમાં ફાંસો ખાધેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવ્યો



ગાંધીધામ : શહેરમાં સેકટર-૧માં ગોસ્વામી હોસ્પિટલની પાછળ ટાટા પાવર બિલ્ડીગમાં રહેતા યુવાનનો પોતાના ઘરે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

એ ડિવિઝન પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ આજે સવારે ૯ વાગ્યાના અરસામાં આ બનાવ સામે આવ્યો હતો. ૨૪ વર્ષિય કેતન મકવાણા નામના યુવાનનો તેના રૂમમાં ફાંસો ખાધેલી હાલતમાં દેહ મળી આવ્યો હતો. ફોન ન ઉપાડતાં પરિવારજનોએ કરેલી તપાસમાં આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે એડી દાખલ કરીને મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સ્થાનિકે શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## અંજારમાં ત્રિકમદાસજી મહારાજના ૬૧માં જન્મદિવસ નિમિતે અદ્દભૂત પેન્ટિંગ અર્પણ કરાઈ



અંજાર : સચ્ચિદાનંદ સંપ્રદાયના મહંત ત્રિકમ દાસજી મહારાજ ના ૬૧માં જન્મ દિવસ નીમિતે અંજાર તાલુકાના ગૌવર્ધન પર્વત ખાતે રસિકજનો દ્વારા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે ચિત્રકાર કરશન એસ. જોગુ દ્વારા અયોધ્યા રામ મંદિરની મૂર્તિ જેં પથ્થર દ્વારા બનાવવામાં આવેલ તે પથ્થર મહારાજને પ્રસાદ સ્વરૂપે મળેલ તેં પથ્થર ઉપર રામ ભગવાન તથા ત્રિકમદાસજી મહારાજની એક અદભુત ફોટો પેઈન્ટિંગ બનાવી મહારાજને કાયમી સ્મૃતિ સ્વરૂપે અર્પણ કરી હતી. મહારાજ તથા ભકતજનો પેઈન્ટિંગ જોઈને મંત્રમુગ્ધ થયા હતા.

# અંજારના ચકચારી હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

**સાતમા અધિક સેશન્સ જજે આપ્યો ધાક બેસાડતો ચૂકાદો**

અંજાર : કચ્છભરમાં ભારે ચકચારી બનેલા અંજારના હત્યા કેસમાં સાતમા અધિક સેશન્સ જજે આરોપીને તકસીવાર ઠેરવી આજીવન કેદનો ધાક બેસાડતો ચૂકાદો સંભળાવ્યો હતો.

આ કેસની હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીના સગા ભાઈ વિજયકુમાર ખીમજીભાઈ ચૌહાણ (રહે. રાઘવ રેસિડન્સી, અંજાર)ના ઓની સાથે આ કામના આરોપી સાથે એક મહિના પહેલા નજીવી બાબતે બોલાચાલી થઈ હતી તથા ચારેક દિવસ પહેલાં આરોપી સવાસર બગીચા થુકતા આ કામે મરણજનાર વિજયકુમાર પર થુક ઉડેલ જેથી તે વખતે પણ થુકવા બાબતે બોલાચાલી થઈ હતી. તે વખતે આરોપીએ આ કામના મરણ જનારને કહેલ હતું કે, તને જોઈ લઈશ અને એ બાબતનું મનદુ:ખ રાખી આરોપીએ મરણજનાર વિજયકુમારની સાથે બોલાચાલી કરી ઝઘડો કરી તિક્ષ્ણ હથિયાર કૂહાડી વડે મરણજનાર વિજયકુમારના માથાના પાછળના ભાગે તથા બન્ને પગના સાથળના ભાગે ઘા કરી ગંભીર ઈજા કરી તેનું ખુન નિપજાવ્યું હતું. હથિયારબંધી જાહેરનામાનું ભંગ કરી નાશી જઈ ગુનો કરેલ તેવો કેસ ચાલેલ આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી કુલ ૨૭ સાહેદોને તપાસેલા અને ફરિયાદ પક્ષ તરફથી કુલ ૪૩ દસ્તાવેજી આધારો રજૂ કરવામાં આવ્યા હતા. આમ નામ. કોર્ટ દ્વારા આ તમામ રજૂઆતને ધ્યાને રાખીને આરોપી સુનીલ નારાણ મહેશ્વરીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મા તકસીરવાન ઠરાવીને સુનીલ નારણ મહેશ્વરીને લાઈફ આજીવનકેદની સજા કરી અને ૧૦ હજારનો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ માસની સાદી કેસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ધારાશાસ્ત્રી આશીષકુમાર પંડ્યા દ્વારા હાજર રહીને ધારદાર દલીલો કરવામાં આવી હતી.

## મતદારોને બુથ પર લાવવા - મુકવા માટે રાજકીય પક્ષો વાહન ફાળવી શકશે નહીં

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં છે અને કચ્છમાં ૭મી મેના મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૬-૬ સુધી ચાલશે. જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરાએ મતદાનના દિવસે ચૂંટણી લડતા ઉમેદવારોને વાહનોનો ઉપયોગ મળવાપાત્ર થશે. પરંતુ પરવાનગી લેવાની રહેશે. કોઈપણ ઉમેદવાર તેમના લોકસભા મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના ચૂંટણી એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે. વાહન એટલે કે ફક્ત ચાર/ત્રણ/બે પૈડાવાળા વાહન જેવા કે કાર, ટેક્સી, ઓટોરીક્ષા, રીક્ષા અને દ્વિચક્રી જેમાં ચાર પૈડાવાળા વાહનમાં ડ્રાયવર સહિત પાંચ વ્યક્તિથી વધુ બેસી શકશે નહી તેમજ ઉમેદવાર અથવા એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઈ બીજી વ્યક્તિ દ્વારા થઈ શકશે નહી. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિ:શુલ્ક લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂં પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરવવામાં આવી છે.

## ચોરેલાં વાહનો વેચી મારવાનું રેકેટ: ત્રણ આરટીઓ અધિકારી સહિત નવ પકડાયા

(એજન્સી દ્વારા)

થાણે: ચોરેલાં વાહનોના એન્જિન અને ચેસીસ નંબર બદલ્યા બાદ તેને વેચી મારવાનું રેકેટ થાણે પોલીસે પકડી પાડીને ત્રણ આરટીઓ અધિકારી સહિત નવની ધરપકડ કરી હતી. આરોપીઓએ ચોરેલાં રૂ. ૫.૫ કરોડની કિંમતના ૨૯ વાહનો જપ્ત કરવામાં આવ્યાં હતાં.

અન્ય રાજ્યોમાંથી ચોરાયેલાં વાહનોની મહારાષ્ટ્રમાં બનાવટી દસ્તાવેજોને આધારે નોંધણી કરવામાં આવી રહી હોવાની માહિતી મળ્યા બાદ થાણે ક્રાઈમ બ્રાન્ચે તપાસ આદરી હતી. પોલીસ ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે મુખ્ય આરોપી જાવેદ અબ્દુલ્લા શેખ ઉર્ફે મનિયારને છત્રપતિ સંભાજીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો.

આરોપી તેના સાથીદારો સાથે મળીને અન્ય રાજ્યોમાંથી ચોરેલાં વાહનોના એન્જિન અને ચેસીસ નંબર બદલી દેતો હતો. વાહનોની ત્યાર બાદ નાગપુર અને અમરાવતી રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ) ખાતે નોંધણી કરવામાં આવતી હતી. પોલીસે આ પ્રકરણે અમરાવતીના આસિસ્ટન્ટ આરટીઓ અધિકારી, મોટર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ મોટર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેક્ટરની પણ ધરપકડ કરી હતી.

## પહેલા પાનાથી...

**વિકસિત ભારત માટે**

માંગુ છુ કે, જનજાતીઓની સાથે બધાય રાજનીતી જ કરી છે. એકમાત્ર ભાજપ જ છે કે જેણે તસવીર અને તકદીર બદલવાનુ કામ કર્યુ છે. જો કોઈએ આત્મસન્માન આપ્યુ હોય તો એ મોદીજીએ આપ્યું છે. હું અહી કહેવા માંગીશ કે આજે દેશના રાષ્ટ્રપતિ આદિવાસી સમુદાયમાં થી આવી રહ્યા છે અને તે સન્માન પણ મોદીજીએ જ આપ્યું છે. જનજાતી ગોરવ દીવસ અગાઉ ક્યારે ન હોતો મનાવાતો પરંતુ મોદીજીએ તેની શરૂઆત કરી છે. સ્વચ્છતા અભીયાનની વાત કરીએ તો ટ્રાયબલ વિસ્તારોમાં ઘરો બનાવવામાં આવ્યા છે. એટલે કે મોદીજીએ મહીલા સશકિતકરણની સાથેસાથે સ્વચ્છતા અભિયાનને પણ વેગવાન બનાવ્યુ છે. દોઢ કરોડ સસ્તા ઘર ટ્રાયબલ વિસ્તામાં મોદીજીએ બનાવ્ય છે. મોદીજીએ પાછલા દસ વરસમાં આપણી ઈકોનોમી, આર્થિક વિરાસતને કે જે ૧૧માં નંબર પર ઉભી હતી, તે બ્રીટનને પછાડીને અત્યારે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમા નંબરની અર્થવ્સ્થા બની જવા પામી ગઈ છે. આપણે સૌ જશવંતસિહ ભાભોરને વિજયી બનાવી અને આપણે સૌ મોદીજીના હાથ મજબુત બનાવીએ તેવો અનુરોધ પણ શ્રી નડ્ડાએ આ તબક્કે કર્યો હતો. મોદીજીએ વંદન વિકાસ કેન્દ્ર માટે ૪ હજાર કરોડની ફાળવણી કરી છે. તેઓએ કહ્યુ કે, મોદીજી આવ્યા ત્યારથી જાતીવાદ, ધર્મ પરની રાજનીતીને જાકારો આપી, દુર કરી અને આજ રોજ ભાજપની વિકાસની રાજનીતી શરૂ થવા પામી ગઈ છે. આજ રોજ અહીના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરને વિજયી બનાવવા શ્રી નડ્ડાએ સૌને આહવાન કર્યુ હતુ.શ્રી નડ્ડાએ કહ્યુ કે, આજે દેશમાં રીપોર્ટ કાર્ડની રાજનીતી કરી રહ્યા છે. એકાઉન્ટીબીલીટીની રાજનીતી કરવામા આવી રહી છે. મોદીજીના નેતૃત્વમાં હવે ભાજપ આત્મનિર્ભર ભારત બની રહ્યો છે. પોલીટીકસ ઓફ રીફોર્મ, પોલીટીક ઓફ ટ્રાન્સફોર્મ, હવે જોવાઈ રહ્યું છે. શ્રી નડ્ડાએ મોદીજીના રાજમાં રેવલે-હાઈવે, પેટ્રોકેમીક સહિતના વીષોયમાં થયેલ વિકાસકાર્યોની છણાવટ કરી હતી.

**રાયબરેલી બેઠક**

નેતા તરીકે ઓળખાતા કે.એલ શર્માને ઉમેદવાર તરીકે કોંગ્રેસે જાહેર કરતા આજે અમેઠીમાં કે એલ શર્માએ પણ ભવ્ય રોડ શો કર્યો હતો અને ત્યારબાદ પોતાનું ઉમેદવારી પત્ર અમેઠી લોકસભા બેઠક પરથી ભર્યું હતું. અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધી કે ગાંધી પરિવાર માંથી કોણ ચૂંટણી લડશે તે અંગે ગઈકાલ સાંજ સુધી ભારે સસ્પેન્સ રહ્યું હતું. આખરે કોંગ્રેસ મોવડી મંડળે અમેઠી બેઠક પર થી કે એલ શર્માને ચૂંટણી જંગના મેદાનમાં ઉતાર્યા છે જ્યારે રાહુલ ગાંધીને રાયબરેલી બેઠક પરથી ઉમેદવાર તરીકે ચૂંટણી જંગના મેદાનમાં ઉતાર્યા છે. રાયબરેલી લોકસભા બેઠક ગાંધી પરિવાર માટે ખૂબ જ મજબૂત બેઠક મનાઈ રહી છે અને ત્યાંના લોકો પણ એવું ઈચ્છિ રહ્યા હતા કે આ બેઠક પર ગાંધી પરિવારના જ કોઈ વ્યક્તિ ચૂંટણી લડે લોકો અને કાર્યકરોની લાગણીને ધ્યાનમાં રાખીને આખરે કોંગ્રેસ મોવડી મંડળે રાયબરેલી બેઠક પરથી રાહુલ ગાંધીને ચૂંટણી જંગ ના મેદાનમાં ઉતાર્યા છે.

**રાષ્ટ્રપતિભવનને બોમ્બથી**

તેનો નંબર પણ સ્વીચ ઓફ કરી દીધો હતો. પોલીસ સ્ટેશન ઉપરાંત અનેક ટીમોને એલર્ટ કરવામાં આવી હતી. પોલીસે નંબર અને તેના લોકેશન વિશે માહિતી એકઠી કરી. જેના થકી પોલીસ સઆદતપુર પહોંચી અને આરોપ ીને પકડી લીધો. પોલીસ અને આઈબીએ તેની લાંબા સમય સુધી પૂછપરછ કરી. પૂછપરછ દરમિયાન આરોપીએ પોલીસને જણાવ્યું કે તે વ્યવસાયે મજૂર છે અને તેણે દારૂના નશામાં પોલીસને ફોન કર્યો હતો. તમને જણાવી દઈએ કે બુધવારે દિલ્હીની ઘણી શાળાઓમાં બોમ્બ ધડાકાને લઈને ઈમેલ આવ્યા હતા. આ પછી પોલીસ એક્શનમાં આવી હતી અને સાવચેતીના પગલા તરીકે તમામ શાળાઓનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. પોલીસને આમાં કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું અને ઈમેલને નકલી ગણાવ્યો હતો.

**દિલ્હીની શાળાને**

મેઈલ પોલીસ કમિશનરના ઓફિશિયલ મેઈલ આઈડી પર આવ્યો હતો. આ પહેલા બુધવારે દિલ્હી એનસીઆરમાં ૧૫૦ શાળાઓને બોમ્બની ધમકી મળી હતી, જેના કારણે દરેક જગ્યાએ ગભરાટ ફેલાઈ ગયો હતો. આ ધમકીભર્યો મેલ દિલ્હી પ ોલીસ કમિશનર સંજય અરોરાના સત્તાવાર મેઈલ આઈડી પર આવ્યો હતો. ધમકી બાદ પ ોલીસે તુરંત તપાસ કરી તો તે એક હોક્સ કોલ હોવાનું બહાર આવ્યું. આ મેઈલ ૨ મેના રોજ સવારે ૧૦ વાગ્યે મોકલવામાં આવ્યો હતો.આ ધમકીભર્યો મેઈલ સિરાજ નામના આઈડી પરથી મોકલવામાં આવ્યો હતો જેમાં લખવામાં આવ્યું હતું કે, 'બરાબર ૨:૧૮ વાગ્યે નાંગલોઈ રેલ્વે સ્ટેશન પાસેની સ્કૂલમાં બોમ્બ વિસ્ફોટ થશે, જોતા રહો, આ અમારા અલ્લાહનો આદેશ છે.'

## પહેલા પાનાથી... મમતાના ગઢમાંથી

રણનીતીના વિઝનનો અભાવ છે. લોકો હવે માત્ર અને માત્ર ભાજપને જ વિકાસનો પર્યાય માની રહ્યા છે અને ભારતીય જનતા પાર્ટી તરફે જ લોકોએ આશાનો કિરણ દેખાઈ રહ્યો છે. વડાપ્રધાને કહ્યુ કે, કોંગ્રેસ ઉપરાંતના વિપક્ષે માત્ર અને માત્ર આમપ્રજાજનોને લુંટે જ રાખી છે અને અહજુય પણ પ્રજાની સંપત્તી પર જ કોંગ્રેસની નજર મંડરાયેલી છે.

વડાપ્રધાને આ તબક્કે ભારતીય જનતા પાર્ટીની પાછલા દસ વર્ષની સરકાર દ્વારા કરવામા આવેલા વિકાસકામોની રૂપરેખા પણ અહી વર્ણવી હતી. ભાજપના રાજમાં રામમંદીર, કલમ ૩૭૦ કાશ્મીરથી દુર કરવી, ભારતનો વિશ્વભરમાં ડંકો વગાડવો, મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં ભારતને દુનીયાનુ હબ બનાવવુ, દેશની ઈકોનોમી દુનીયામાં પાછલા દસ વર્ષ પહેલા ૧૧માં નંબરે હતી તે હવે પાંચમા નંબર પર આવી જવા પામી ગઈ છે. ભારતીય જનતા પાર્ટીને વોટ રાષ્ટ્રનિર્માણની દીશામાં પ્રગતિ કરવા માટે આપવા પશ્ચીમ બંગાલની આ સભામાં વડાપ્રધાને સૌને અનુરોધ કર્યો હતો.

## રાહુલને કહ્યું છુ, ડરો નહી, ભાગો નહીં : મોદી

કોલકત્તા : આજ રોજ પશ્ચીમ બંગાલમાં જનસભાને સંબોધન કરતી વખતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધી પર પણ આકરા પ્રહાર કર્યા હતા. આજ રોજ જયારે કોંગ્રેસ રાહુલ ગાંધી રાયબરેલીથી ચુંટણી લડવાની જાહેરાત કરી છે ત્યારે મોદીએ રાહુલને આડેહાથ લીધા હતા. તેઓએ કહ્યુ કે, રાહુલ અમેઠીથી ચૂંટણી લડવાથી ડર્યા છે. તેઓ હવે રાયબરેલી પહોંચ્યા છે. મોદીએ કહ્યુ કે, રાહુલ વાયનાડથી પણ હારી જ રહ્યા છે. મોદીજીએ અહી કહ્યુ કે, આ લોકો બધે ફરી ફરીને કહી રહ્યા છે કે, ડરો નહી ડરો, પરંતુ હવે આજે હું જી ભરીને રાહુલને કહેવા માંગું છુ કે, ડરો નહી ભાગો નહી.

## સાબરકાંઠા વડાલી પાર્સલ બ્લાસ્ટમાં મોટો ખુલાસો, પ્રેમ પ્રકરણ કારણભૂત

સાબરકાંઠા : સાબરકાંઠાના વડાલીમાં ગઈકાલે થયેલા પાર્સલ બ્લાસ્ટને લઈને ખુલાસો સામે આવ્યો છે. જેમાં આ બ્લાસ્ટ માટે પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. જેમાં સૂત્રો દ્વારા ઘટનાની મળતી માહિતી મુજબ પ્રેમ પ્રકરણમાં પ્રેમિકાના પતિએ પ્રેમીનો જીવ લેવા માટે પાર્સલ વિસ્ફોટક પદાર્થ મોકલ્યા હતા. જેમાં એમોનિયમ નાઈટ્રેટ અને ડિટોનેટર હતા. પાર્સલમાં જીલેટીન સ્ટિક પર હતી. જો કે આ પ્રકરણમાં હાલ પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરીને સમગ્ર બ્લાસ્ટની તપાસ હાથ ધરી છે .સાબરકાંઠાના વડાલીના વેડા ગામમાં એક પરિવારે ઓનલાઈન ઈલેક્ટ્રીક વસ્તુ મંગાવી હતી, જેનું પાર્સલ ખોલતા જ બ્લાસ્ટ થયો હતો.

## નાના વરનોરાનો શખ્સ બંદૂક સાથે ઝડપાયો

ભુજ : તાલુકાના નાના વરનોરા ગામની સીમમાં આવેલા તળાવની બાજુમાં બાવળોની ઝાડીમાંથી એલસીબીએ બંદૂક સાથે ગામના શખ્સને ઝડપી લીધો હતો. સિધિક નામોરી મોખા પાસે ગેરકાયદે રીતે રાખેલી લાયસન્સ વગરની સિંગલ બેરલ દેશી બંદૂક મળી આવી હતી. જેની સામે માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

## પ્રજ્વલ રેવન્ના પરિવારની મુશ્કેલી વધી, યુવકે માતાના અપહરણનો મુક્યો આરોપ

મૈસૂર : સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલા સાંસદ પ્રજ્વલ રેવન્નાના પરિવારની મુસીબતો પણ વધી રહી છે. એક યુવકે મૈસૂરના પ ોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેની માતાનું અપહરણ કરવામાં આવ્યું છે. આરોપ છે કે પ્રજ્વલ રેવન્નાની માતાના કહેવા પર તેની માતાનું અપ હરણ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર યુવકની માતા પ્રજ્વલ રેવન્ના જાતીય સતામણીનો શિકાર બની હતી. બીજી તરફ સેક્સ સ્કેન્ડલ કેસમાં પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના ધારાસભ્ય પુત્ર એચડી રેવન્ના (૬૭ વર્ષ) અને સાંસદ પૌત્ર પ્રજ્વલ રેવન્ના (૩૩ વર્ષ)ની મુશ્કેલીઓ વધી રહી છે.કેસમાં, ફરિયાદીએ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ સીઆરપીસી ૧૬૪ હેઠળ તેમનું નિવેદન નોંધ્યું છે. તેણીનું નિવેદન નોંધનાર બીજી ફરિયાદી છે.એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના સામે તેમની નોકરાણી (ઘરેલુ મદદ)ની ફરિયાદ પર જાતીય શોષણના આરોપસર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. હવે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એ કેસની તપાસના સંબંધમાં બંને આરોપીઓને નોટિસ મોકલીને પૂછપરછ માટે બોલાવ્યા છે.ગુરુવારે, યૌન શોષણના આરોપી એચડી રેવન્નાએ બેંગલુરુ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી.

## બાળવિવાહ રોકવાની જવાબદારી ગામના સરપંચની રહેશે: હાઈકોર્ટ

જયપુર: દેશમાં બાળવિવાહ-ખાસ કરીને છોકરીઓની લગ્નની કાનૂની ઉમર કરતા ઓછી વયે લગ્ન કરાવી આપવામાં રાજસ્થાન ટોચ પર છે અને હાલ અક્ષય તૃતીયા સમયે રાજયના ગ્રામીણ ક્ષેત્રમાં આ પ્રકારના લગ્નો મોટી સંખ્યામાં થતા હોય છે તે સમયે રાજસ્થાન હાઈકોર્ટ હવે આ પ્રકારે બાળવિવાહ અટકાવવા ગામના સરપંચ પર જવાબદારી નાખી છે. રાજયમાં બાળવિવાહ સરકારી તંત્રની જાગૃતિના કારણે ઘટયા છે તે સ્વીકારતા હાઈકોર્ટે જણાવ્યું કે તેમ છતાં દૂર-દૂરના ગામોને આ પ્રકારે લગ્ન થતા હોય છે અને તે રોકવામાં જીલ્લા તંત્ર બધે પહોંચી શકે નહી તે સ્વાભાવિક છે પણ સરપંચ જે ગામના મુખીયા અને દરેક પરિવારને ઓળખતા હોય છે.

## સામખિયાળીની કેબલ ચોરીમાં સંડોવાયેલો શખ્સ ઝડપાયો



ગાંધીધામ : સામખિયાળી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેબલ ચોરી સંદર્ભેના ગુના કામે છેલ્લા ૬ મહિનાથી નાસતા-ફરતા આરોપી અંજાર નવાનગર ઝુપડાના સદામહુશેન ઉર્ફે શબીર હૈદરશા સૈયદને સ્થાનિક પોલીસે ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


**કચ્છ જિલ્લા પશુ કલ્યાણ,સંવર્ધન અને ધિરાણ સહકારી સંઘ લી.**

**ટેન્ડર નોટિસ**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે કચ્છ જિલ્લા પશુ કલ્યાણ,સંવર્ધન અને ધિરાણ સહકારી સંઘ લી. નું દૂધ ઘર મુંદ્રા તાલુકા ના મોટી ભુજપુર ગામે બાંધકામ કરવા માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. સંબધિતો ને દિવસ તા.૦૩/૦૫/૨૦૨૪ થી ૦૯/૦૫/૨૦૨૪ સુધી ટેન્ડર ના બાંધકામ ના પ્રતિ ફુટ ભાવ ભરીને બંધ કરવામાં નીચે મુજબના સરનામે મોકલાવવા વિનંતી.

સંપર્ક: કચ્છ જિલ્લા પશુ કલ્યાણ,સંવર્ધન અને ધિરાણ સહકારી સંઘ લી.
મો:-97125 56767

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નડ્ડાને આવકારવા ગાંધીધામ – કચ્છમાં થનગનાટ










**કચ્છ-મોરબી લોકસભા બેઠકના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં શ્રી નડ્ડાના રોડ શો સહિતના કાર્યક્રમને અપાતો આખરી ઓપ : વિવિધ સંસ્થા-સમાજ દ્વારા શ્રી નડ્ડાને અપાશે આવકાર-અભિવાદન : શહેરના ગાંધીમાર્કેટથી લઈ અને ઝંડાચોક સુધીના વિસ્તામાં ફરી વળશે ભવ્ય રોડ શો**

**રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના આગમનને પગલે ભાજપ છાવણી-કેસરીયા બ્રિગેડમાં અનેરા જોમ-જુસ્સાનો થયો સંચાર**

ગાંધીધામ : ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા આજથી ગુજરાતમાં ચૂંટણી પ્રવાસે આવી પહોંચ્યા છે. તેઓએ આજે દાહોદમાં વિશાળ જંગી જનસભાને સંબોધી અને આ પ્રવાસની શરૂઆત કરી દીધી હતી. ત્યાર બાદ બપોરે તેઓએ ટાગોર હોલ પાલડી ખાતે મતદારો સાથે સંવાદ કર્યો હતો અને તે બાદ ત્યાથી તેઓ સીધા કચ્છ-ગાંધીધામ સંકુલમાં કચ્છ-મોરબી લોકસભાના વિધાનસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં આયોજીત ભવ્ય રોડ શોમાં ભાગ લેવા આવી પહોચનારા છે.

દરમ્યાન જ શ્રી નડ્ડાને આવકાર ગાંધીધામ સંકુલમાં અનેરો ઉત્સાહ જોવા મળી આવ્યો છે. શ્રી નડ્ડા ગાંધીમાર્કેટથી શરૂ થનારા ભાજપના ભવ્ય રોડ શોમાં જોડાશે અને ઝંડાચોક ખાતે તેનુ સમાપન કરવામાં આવશે. આ રોડ શો દરમ્યાન વિવિધ સમુદાય, સમાજ, સંસ્થાઓ દ્વારા શ્રી નડ્ડાને આવકારવામાં આવશે. આ માટેની તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી ગયો છે.

# લોકસભાની ચૂંટણી અંતર્ગત શિરવા ખાતે ભાજપ કાર્યાલયનો ઉદ્‌ઘાટન કરાયું

માંડવી : તાલુકાના શીરવા ગામે લોકસભાની ચૂંટણી અંતર્ગત કાઠડા તાલુકા પંચાયત સીટના કાર્યાલયનું ઉદઘાટન ઉમેદવાર વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. સૌનો શાબ્દિક આવકાર આપતા તાલુકા પંચાયત સદસ્ય દેવાંગભાઈ સાખરાએ ભાજપના શાસનમાં ગામડાઓનો સર્વાંગી વિકાસ થયો હોવાનું જણાવી લોકપ્રિય ઉમેદવાર વિનોદભાઈ ચાવડા અને જંગી બહુમતીથી જીત અપાવા અપીલ કરી હતી.





વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય અનિરુદભાઈ દવે અને જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદનો શિરવા કાઠડા અને ભારાપરના વિવિધ સમાજો દ્વારા વિશેષ સન્માન કરાયું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાએ દરેક કાર્યકર જૂથની જવાબદારી સ્વયંભૂ નિભાવે અને બુથ સુધી વધુથી વધુ મતદારોને લઈ આવે તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે શિરવા મુસ્લિમ સમાજના ૩૦ જેટલા યુવાનો ભાજપમાં જોડાયા હતા જેમને ખેસ પહેરાવી આવકાર અપાયું હતું. કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ સંઘાર, જિલ્લા પંચાયત સદસ્ય ગંગાબેન સેંગાણી, રાણસિંભાઈ ગઢવી, અમુલભાઈ દેઢિયા, ખીમરાજ ગઢવી, વિરમ ગઢવી, નિલેશભાઈ મહેશ્વરી, જેકસન સંગાર, દેવરાજભાઈ ગઢવી વગેરે મંચસ્થ રહ્યા હતા. સરપંચ પરેશભાઈ ચાંદ્રા, કિશોર જોઈસર, ગંગાબેન સેંઘાણી, ભારૂભાઈ ગઢવી, વિરમભાઈ ગઢવી, રામભાઈ ગઢવી, રાજુભા જાડેજા, કાંતિભાઈ દામા, ગોપાલભાઈ ગઢવી, ભાવનાબેન જોશી, હરેશ ચાંદ્રા, શંભુદાન ગઢવી, મણિલાલ સેંઘાણી, પરસોતમ ભાનુશાલી, હેત બાવાજી, ગોપાલ ગઢવી, શિવરાજ ગઢવી, ધનરાજ ગઢવી, લક્ષ્મીશંકર જોશી, કુંવરજી માકાણી, વેલજી પટણી, બચુભા જાડેજા, રતનશી બાપા, ભવાનભાઈ પટેલ, વિશ્રામ પટેલ, વાલજી ભંડેરી, દીપક ગઢવી, મહેશ ગોસ્વામી, મલિક શીરુ, ભરત કાનાણી, આશાભાઈ કાનાણી, નરશી કાનાણી, રમેશ ગઢેરા, હિરેન દામા, ભીખુ ગઢવી, હરી ગઢવી, શ્યામ ગઢવી, વનીતાબેન પટેલ, દિનેશ લાખાણી, રામ મુંધુડા, હરેશ સાખરા, મહેશ સાખરા, અરજણ કાનાણી, કલ્યાણ કોઠારી, લાલજી મહેશ્વરી સહિતના બહોળા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દેવાંગભાઈ સાખરા અને આભાર વિધિ પરેશ ચાંદ્રાએ કરી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 2 | | |
| | 9 | | 2 | | 3 | | 8 | |
| | 7 | 1 | | | | 5 | 4 | |
| | 1 | | | 2 | | | 5 | |
| | | 4 | | 7 | | 6 | | |
| | 6 | | | 9 | | | 1 | |
| | 5 | 8 | | | | 1 | 2 | |
| | 4 | | 1 | | 9 | | 7 | |
| | | 7 | | | | 9 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 4 | 5 | 1 | 8 | 3 | 6 | 9 |
| 8 | 1 | 3 | 7 | 9 | 6 | 2 | 5 | 4 |
| 8 | 5 | 9 | 2 | 4 | 3 | 7 | 8 | 1 |
| 1 | 4 | 6 | 3 | 7 | 2 | 5 | 9 | 8 |
| 3 | 9 | 7 | 4 | 8 | 5 | 1 | 2 | 6 |
| 5 | 8 | 2 | 9 | 6 | 1 | 4 | 7 | 3 |
| 4 | 2 | 8 | 1 | 5 | 9 | 6 | 3 | 7 |
| 7 | 6 | 5 | 8 | 3 | 4 | 9 | 1 | 2 |
| 9 | 3 | 1 | 6 | 2 | 7 | 8 | 4 | 5 |

# અવસાન નોંધ

**કેરા (તા. ભુજ)** : સહદેવસિંહ મહાવીરસિંહ ગોહિલ તે નરેન્દ્રસિંહ મહાવીરસિંહ (ભાણુભા), દેવવ્રતસિંહ, રાજપાલસિંહના ભાઈ, હર્ષવર્ધનસિંહના કાકા, સ્વ. વનરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ, બળદેવસિંહના ભાણેજ તા. ૩૦-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૫ના સાંજે ૫થી ૬ દરબાર ગઢ, કેરા ખાતે.

**મોખાણા (તા. ભુજ)** : કેશવગિરિ દેવગિરિ (ઉ.વ. ૭૦) તે ભાનુબેનના પતિ, સ્વ. ભગવાનગિરિ, તુલસીગિરિ, કંકુબેન (ડગાળા), શાન્તાબેન (મોરગર), રાધાબેન (ધ્રબ), કાશીબેન (વરલી)ના ભાઈ, ગં.સ્વ. કંકુબેનના દિયર, અનસૂયાબેનના જેઠ, સ્વ. નારણગિરિ ભગવાનગિરિ (બાનિયારી)ના જમાઈ, સ્વ. પ્રવીણગિરિ, રાજેશગિરિ, અરૂણાબેન (મુંદરા), મનીષાબેન (મીંદિયાળા)ના પિતા, રસિકગિરિ, શંભુગિરિ, કલ્પનાબેન, યોગેશ્વરીબેનના સસરા, વિવેકગિરિ, પ્રિયાન્સી, ધરાના દાદા, શીતલ, કૃપાલ, કૌશિષ, નક્ષના નાના, કલ્પેશગિરિ, અશ્વિનગિરિ, જિજ્ઞાબેન, ભાવનાબેનના મોટાબાપા તા. ૨૯-૪ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાને. બારસ અને શંખઢોળ તા. ૧૧-૫ના મોખાણા ખાતે.

**વર્ધમાનનગર (ભુજોડી)** : હસમુખભાઈ મંગળદાસ સથવારા (ઉ.વ. ૫૪) તે તારાબેન મંગળદાસના પુત્ર, ઈલાબેનના પતિ, તેજસ, સોનલના પિતા, મીનાબેન, મુકુંદભાઈના ભાઈ, મુકેશલાલના સાળા, તારાબેન ગોવિંદભાઈ સથવારાના જમાઈ, નીલેશ, જિજ્ઞેશભાઈના બનેવી તા. ૨૮-૪ના અવસાન પામ્યા છે. નિવાસસ્થાન લાયન્સનગર, વર્ધમાનનગરના ગેટ પાસે, મકાન નં. ૫.

**માનકૂવા (તા. ભુજ)** : માતંગ લખનભાઈ કાનજીભાઈ ભાગવત (ઉ.વ. ૪૫) તે કેસરબેન કાનજી મગનભાઈના પુત્ર, રામજી, નેણબાઈ વેરસી કાનજી સિંગરખિયા (ગોડપર)ના ભાઈ, દિવ્યાબેનના પતિ, કાજલ, કોમલ, રાજના કાકા, રોહિત, ક્રિષ્નાના પિતા, નેણબાઈ દયારામ આયડી (માધાપર)ના જમાઈ, હાંસબાઈ દેવજી, વીરબાઈ સુમાર, મુલબાઈ બુધારામ (માધાપર)ના ભાણેજ તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા પૂર્ણ થઇ ગઇ છે. બેસણું નિવાસસ્થાન સધુરાઈ વિસ્તાર, નવાવાસ, માનકૂવા ખાતે.

**મુંદરા** : મૂળ ચોબારીના અશોક ભીમજીભાઈ લકુમ (ઉ.વ. ૬૫) તે સ્વ. વેલબાઈ નકુમના પુત્ર, સ્વ. ભચુભાઈ (મુંદરા), સ્વ. ખીમજીભાઈ (ભુજ), સ્વ. વાઘજીભાઈ (રાપર), સ્વ. ચમનભાઈ (માધાપર), કાકુભાઈ (મુંદરા), સ્વ. બધીબેન ગણેશા (રાપર), શાન્તાબેન જીવરામભાઈ (ભુજ), સ્વ. બબીબેન જખુભાઈ (ભુજ)ના ભાઈ તા. ૧-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૫ના શુક્રવારે સાંજે ૪થી ૫ ખારવા સમાજવાડી, મુંદરા ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દેશલપર - કંઠી (તા. મુંદરા)** : મૂળ બેરાજાના જટુભા માધુભા જાડેજા (ઉ.વ. ૪૬) તે મમુમા, ભરતસિંહ, જનકસિંહના ભાઈ, કિશનસિંહ, હિતેન્દ્રસિંહના પિતા તા. ૩૦-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૩૦-૪થી ૪-૫ સુધી સવારે ૯થી ૧૨, બપોરે ૩થી ૬ શિરાચા ચોકડી ખાતે.

**લાખિયારવીરા (તા. નખત્રાણા)** : નારણભાઈ પાયણ (ઉ.વ. ૪૪) તે સ્વ. મેગાબાઈ આશા સુમાર પાયણના પુત્ર, કરમશી આશા, ધનીબેન ખેતા બુચિયા (મોરજર)ના ભાઈ, ધનીબેનના પતિ, અશોક, વિશાલ, નેહાના પિતા, નારણ ભામુ ખોખર (મથલ)ના જમાઈ તા. ૩૦-૪ના અવસાન પામ્યા છે. આગરી તા. ૩-૫ના રાત્રે અને ઘડાઢોળ તા. ૪-૫ના નિવાસસ્થાન લાખિયારવીરા ખાતે.

**મોરઝર (તા. નખત્રાણા)** : વસ્તાભાઈ જેસરાજ ગઢવી (ઉ.વ. ૯૪) તે સ્વ. મહીદાન જેસરાજ, શંકરદાન જેસરાજ, દેવલબેન ઉદેરામ (સરલી), સ્વ. રામજી ભોજરાજના ભાઈ, લક્ષ્મીશંકર, કરણીદાન, રતનદાન, દમંયતીબેન લખધીરદાન (ચરાખડા), મટુબેન લહેરીદાન (ધુણઈ), રાધાબેન શંભુદાન (રામપર સરવા)ના પિતા તા. ૩૦-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧થી ૪-૫ સુધી નિવાસસ્થાન મોરઝર ખાતે.

**મોથાળા (તા. અબડાસા)** : મહેશ્વરી ગાંગબાઈ મંગલ બડિયા (ઉ.વ. ૮૩) તે મંગલ થાવર બડિયાના પત્ની, નાનબાઈ, ખીમજી, નાનજી, મુલબાઈના માતા, સ્વ. દેવજી સુમાર કન્નર, જેઠા સુમાર કન્નર (જૂની સુંદરપુરી), ગંગાબેન ખીમજી, લક્ષ્મીબેન નાનજીના સાસુ, મહેશ, જગદીશ, લક્ષ્મીબેન કિશોર ભોઈયા (દેવપર), સ્વ. રાજેશ, ભાવેશ, દિનેશના દાદી, મિત્તલ, નેહા, માહિરા, પ્રગતિ, વિવાનના પરદાદી, હીરજી દેવજી કન્નર, ખીમજી દેવજી કન્નર, વિજય, પ્રકાશના નાની, મયૂર, રાજેશ્વરી, વિમલના પરનાની તા. ૨૮-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૯-૪ના પૂર્ણ થઈ ગઈ છે.

# ગાંધીધામમાં ઈન્ટુક દ્વારા મજૂર દિનના ઉપલક્ષમાં કામદારોનું સંમેલન યોજાયું





ગાંધીધામ : અહીંના ગોપાલપુરી ખાતે આવેલ ઓફિસર ક્લબમાં ઈન્ટુકના બે યુનિયનોના કામદારોનું સંમેલન યોજાયું હતું, જેમાં કેપીકેએસ અને કચ્છ જિલ્લા જનરલ કામદાર સંઘના કામદારો ખાવડામાંથી હાજર રહ્યા હતા.

સંમેલનને યુનિયનના શ્યામમૂર્તિ ગુલશન ઈલાવિયા, હનિફા અંસારીએ સંબોધન કર્યું હતું. ત્યારબાદ યુનિયનના પ્રમુખ મોહનભાઈ આસવાણીએ કામદારોને પોર્ટના મહત્ત્વના વિભાગો ટ્રાફિક, મરિન, ક્રેન ડ્રાઈવર તેમ પોર્ટના ક્રાફટમાં કાર્યરત અન્ય કર્મચારીઓના પ્રશ્નોનો નિરાકરણ લાવા માટે આવનાર દિવસોમાં આંદોલન કરવાની પણ વાત કરી હતી. આ મિટીંગમાં અસંગઠીત કામદારોના યુનિયનના પ્રમુખ સંતોષ મિશ્રાએ કામદારોની હાલાકી, ઓછો પગાર ધોરણ, મહિલા કામદારોનું શોષણ વગેરે મુદ્દાઓ પર વિચારો વ્યક્ત કર્યા હતા. બન્ને યુનિયનો આવનાર દિવસોમાં કંડલા અને મુંદરા પોર્ટ પર સાથે મળીને કામદારોનું શોષણ અટકાવા અને ડૉ. ભીમરાવ આંબેડકરે બનાવેલા દેશના કાયદાની અમલવારી કરાવવા પ્રયત્નો કરશે.

આ મિટીંગમાં યુનિયનના હોદ્દેદારો ભરત કાંટીયા, અશોક મીણા, રાજુ લખવાણી, આલારામ દાસ, જયંતિભાઈ, જયંતિ ડોરૂ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. યુનિયનના મુખ્ય સભ્ય રોહિત માંગલિયાએ ગીત-સંગીત રજૂ કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ મિટીંગમાં એવો નિર્ણય લેવાયો હતો કે ગોવા પોર્ટના ચેરમેનને જે કંડલા પોર્ટની જવાબદારી સોંપવામાં આવી છે તે એન. વિનોદકુમારનું પણ આવનાર દિવસોમાં સ્વાગત કરવામાં આવશે તેવું મોહન આસવાણીની યાદીમાં જણાવાયું હતું.

# રાપરમાં વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

રાપર : વાગડ બે ચોવીસી સ્થાનક જૈન સમાજના મહિલા મંડળ દ્વારા રાપર ખાતે વાગડ ઓકસન સહિત પાંચ દિવસીય અંડર આર્મ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગીત દ્વારા મેચની શરૂઆત કરવામાં આવી હતી. સમાજના હોદ્દેદારો, યુવક મંડળના હોદ્દેદારો, મહિલા મંડળના હોદ્દેદારો, સ્પોર્ટ્સ કમિટી, ભાઈઓ, બહેનો, બાળકો સૌ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ વખત જ પ્રયાસ કરી યુનિક મેચ બાળકોની રમાડવામાં આવી હતી. બધા જ ખેલાડીઓ ઉત્સાહ પૂર્વક રમ્યા હતા. વિમેન્સની પણ અલગ મેચ રમાડવામાં આવી હતી. દરેક મેચમાં મેન ઓફ ધ મેચ ને ટ્રોફી આપવામાં આવી હતી.



બાળકોને મેડલ પહેરાવવામાં આવ્યા હતા. બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર, બેસ્ટ સીરીઝ ઓફ ધ ટુર્નામેન્ટ, બેસ્ટ વિમેન ઓફ ધ મેચને ટ્રોફી આપવામાં આવી હતી. રનર્સઅપ ટીમને સમાજના હોદ્દેદારો દ્વારા ટ્રોફી આપવામાં આવી હતી. વિનોદ દોશીનું કચ્છી પાઘડી હાર શાલથી સન્માન મહિલા મંડળની ટિમ દ્વારા પ્રમુખ સુષમાબેન પી. મોરબિઆ, મંત્રી કિંજલબેન મોરબિઆ, ચાંદનીબેન મોરબિઆ, શિલ્પાબેન મહેતા, હેતલબેન શેઠ દ્વારા સફળ આયોજન કરી આપવા બદલ સન્માન કરવામાં આવેલ હતું. ચેમ્પિયન ટીમને મહિલા મંડળના હોદ્દેદારો દ્વારા ટ્રોફી આપવામાં આવી હતી. આભારવિધિ સુષ્માબેન મોરબીયાએ અને સંચાલન કિંજલબેન મોરબીયાએ કર્યુ હતું.

# કરણ ગૌતમ અદાણીની આગેવાની હેઠળની કંપનીએ રૂ. ૨૮૬૦૦૦ કરોડની મોટી જીત મેળવી, ભારતની પ્રથમ કંપની બની

મુંદરા : ગૌતમ અદાણીના પુત્ર કરણ અદાણીના નેતૃત્વમાં અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોને કેર રેટિંગ્સ દ્વારા તેના ક્રેડિટ રેટિંગને ત્રીપલ-એ સુધી વધારવાની જાહેરાત કરી છે. ક્રેડિટ રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતમાં કોઈપણ ઈશ્યુઅરને આપવામાં આવેલ આ સર્વોચ્ચ સંભવિત રેટિંગ છે, જે અદાણી સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની સૌથી મજબૂત ધિરાણપાત્રતા અને તેના તમામ નાણાકીય માર્ગદર્શનને પરિપૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવે છે, એમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અદાણી સેઝના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે, અમે અમારી નાણાકીય શિસ્ત અને ડિલિવરેજિંગ, વૈવિધ્યસભર એસેટ બેઝ તેમજ ગ્રાહક આધાર અને વૈશ્વિક સ્તરે આ સેક્ટરમાં સૌથી વધુ નફાકારકતા માટેની પ્રતિબદ્ધતાની માન્યતાની પ્રશંસા કરીએ છીએ. આ વિકાસ સાથે, અદાણી સેઝ આ માન્યતા મેળવનાર પ્રથમ મોટા કદના ખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર બની ગયું છે. તેનું માર્કેટ કેપ રૂ. ૨૮૬૦૦૦૦૦૦૦૦૦૦નું થયું છે. રેટિંગ અદાણી સેઝના મજબૂત સંકલિત બિઝનેસ મોડલ, પ્રબળ ઉદ્યોગની સ્થિતિ, તંદુરસ્ત નફાકારકતા સાથેની કામગીરીમાં મજબૂત વૃદ્ધિ, ઉચ્ચ પ્રવાહિતા અને નીચા લિવરેજ દ્વારા સંચાલિત છે. કંપનીએ જણાવ્યું હતું કે પોર્ટ એક્વિઝિશન પછીની અસ્કયામતોને ફેરવવાનો તેનો સફળ ટ્રેક રેકોર્ડ અને પોર્ટ ગેટથી ગ્રાહક ગેટ સુધી સેવાઓ પૂરી પાડતી ટ્રાન્સપોર્ટ યુટિલિટી તરીકે તેના સંકલિત અભિગમને કારણે ફાયનાન્સીયલ યર ૧૯-૨૪ની તુલનામાં વોલ્યુમમાં ૧૫ ટકાની ચક્રવૃદ્ધિ થઈ છે. તમામ ભારતીય બંદરો માટે ૪ ટકા સીએજીઆર. ફાયનાન્સીયલ યર ૨૪માં, અદાણી સેઝએ ૪૧૯.૯૫ એમએમટી કાર્ગો વોલ્યુમ કર્યું હતું, જે પાછલા વર્ષ કરતાં ૨૪ ટકા વધુ હતું. અદાણી સેઝ, વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી ગ્રૂપનો એક ભાગ, દેશના સૌથી મોટા પોર્ટ ડેવલપર અને ઓપરેટર છે, જે પશ્ચિમ કિનારે સાત વ્યૂહાત્મક રીતે સ્થિત બંદરો અને ટર્મિનલ્સ અને પૂર્વ કિનારે સાત બંદરો અને ટર્મિનલ્સ ધરાવે છે, જે દેશના કુલ ૨૭ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. કંપનીનું વિઝન આગામી દાયકામાં વિશ્વના સૌથી મોટા પોર્ટ અને લોજિસ્ટિક્સ પ્લેટફોર્મમાંનું એક બનવાનું છે.

# ગુજરાત સ્થાપના દિન અને શ્રમિક દિને મતદાન જાગૃતિ અભિયાન



તા ૧/૫/૨૦૨૪ના ગુજરાત સ્થાપના દિન અને વિશ્વ શ્રમિક દિવસે જેવીસી ટ્રસ્ટ ગાંધીધામ દ્વારા જીઆઈડીસી ,ગાંધીધામ અને ફિટેડઝોન મદયે આવેલ પી પી ઈ સેફટી પ્રાઈવેટ લિમિટેડ કંપની બે વિભાગમાં બહોળી સંખ્યામાં શ્રમિકોને લોકશાહી પર્વ મતદાન કરવા લોકોમાં જાગૃતિ લાવવા માટે "મારો મત મારો અધિકાર" અને "મારા એક મતની શકિત" વિષય અનુસંધાને માહિતી આપી મતદાનનું મહત્વ સમજાવેલ અને ગુજરાત સ્થાપના દિને ગુજરાતની સંસ્કતિ અને કલાનાં સંભારણા સાથે જય જય ગરવી ગુજરાતનાં નાદ ગુંજી ઉઠ્યા હતા.આયોજક સંસ્થા પ્રમુખ યોગેશકુમાર સોની, સંસ્થા સ્થાપક શ્રીમતિ પારૂલ સોની એડવોકેટ, તન મન અને ધનથી જેવીસી સેવાઓ સાથે જોડાયેલ કંપનીનાં ડાયરેકટર શૈલેન્દ્ર લીંબાણીનાં સહકરથી આયોજન કરવામાં આવ્યું હતું.નરેશભાઈ સોની, સલાહકાર ચેતનભાઈ મહેતા, એડવોકેટ દીપા વાઝીરાણી, ડાન્સર ઍક્ટર અને મોડેલ પૃથ્વી સોની,મોડેલ રાહુલ ચંચલાનીએ દિન યાદગાર બનાવેલ હતો.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ગોધરાના કસ્તુરબેન હીરજી ગણપત (ઉં.વ. ૭૮) તા. ૩૦-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. હીરબાઈ ગણપતના પુત્રવધૂ. હીરજીના ધર્મપત્ની. દીલીપ, મનીષાના માતુશ્રી. નાંગલપુર ભચીબાઈ કારૂ કુરપારના સુપુત્રી. રાયણ રતનબેન રતનશી, ડોણના પુરબાઈ વસનજી, પ્રાગપુર દીલીપ, જ્યોતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હીરજી ગણપત ગાલા, એ-૧૦૧, ગોહીલ મેન્સન, ઈરાનીવાડી, કાંદીવલી (વેસ્ટ).

કાંડાગરા હાલે પુણે-બાનેરના શ્રીમતી શ્વેતા (જસુમતી) સંજય ગાલા (શાહ) (ઉં.વ. ૫૬), તા. ૨૯-૪-૨૪ના અવસાન પામ્યા છે. સ્વ. સંજયના ધર્મપત્ની. રંજનબેન તલકશી દેરાજના પુત્રવધૂ. ધૃતીના માતા. ભુજપુરના મંજુલાબેન મનસુખલાલ પોપટલાલ શેઠિયાના સુપુત્રી. લેરી, દિનેશના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : ધૃતી પ્રવીણ તોતલાની, ફ્લેટ નંબર ૪૦૧, શ્રેયસ સાઈટેશન, પાનકાર્ડ ક્લબ રોડ, બાનેર, પુણે-૪૧૧૦૪૫.

કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન કચ્છ માંડવી હાલ ઘાટકોપર મહેન્દ્રભાઈ કાનજીભાઈ મહેતાના ધર્મપત્ની ધનલક્ષ્મીબેન (મીનાબેન) મહેતા (ઉં.વ. ૮૦) તે પ્રશાંતના માતુશ્રી. અનિલાબેન મનુભાઈ મહેતાના નણંદ. સવિતાબેન તથા સ્વ. રમણીકલાલ મોતીચંદ મહેતાના દીકરી. જયાબેન જમનાદાસ મહેતા તથા સ્વ. ઈન્દીરાબેન જયદેવ મહેતાના દેરાણી. રીના પંકજ મહેતાના જેઠાણી તા.૧/૫/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી રાજગોર બ્રાહ્મણ ગામ મસ્કાના હાલ ડોમ્બિવલી કુ. રિયા શામજી મોતા (ઉં. વ. ૨૫) તા. ૨૯-૪-૨૪ના રોજ રામશરણ પામેલ છે. તે મંજુલાબેન શામજી મોતાની પુત્રી. સ્વ. કુંવરબાઈ ખીમજી કેશવજી મોતાની પૌત્રી. અ. સૌ. સ્વ. મણીબેન હીરજી બોડાની દોહિત્રી. સ્વ જયંતીલાલ, મનસુખ, પ્રાણજીવન, રમેશ, ભરતની ભત્રીજી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૫-૨૪ના શુભમ બેંકેટ હોલ, ૧લે માળે, શુભાંગી બિલ્ડિંગ, માનપાડા રોડ, દિવ્યા સારીની ઉપર ડો. (ઈસ્ટ). ૪થી ૬.

કચ્છી લોહાણા સ્વ. શાંતાબેન હરિરામ અનમના સુપુત્ર નવીન હરિરામ અનમ (ઉં. વ. ૮૨) કચ્છ ગામ કુકમા બુધવાર તા. ૧-૫-૨૪ના પૂનામાં અક્ષરવાસી થયા છે. તે ભારતીબેનના પતિ. નિલેશ, રામના પિતા. હેમુ, યોગિનીના સસરા. નારાયણ ખીમજી પંડિતપૌત્ર કચ્છ ગામ મઉના જમાઈ. જમનાદાસભાઈ, નરેન્દ્રભાઈ, અશ્રૂવિનભાઈ, હેમલતાબેન, ઈંદુબેન, શારદાબેન, આશાબેનનાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

કચ્છી લોહાણા કચ્છ ગામ દેશલપર ગુંતલી હાલે ઉલવે. સ્વ. શાંતાબેન મંગલદાસ ભીમજી આથાના પુત્ર ગોવિંદભાઈ (દીનેશભાઈ) (ઉં.વ. ૬૫) તા. ૧/૫/૨૪ના શ્રીરામશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. તે ગં.સ્વ. ગીતાબેન મહેન્દ્રભાઈ તન્ના, સ્વ. લતાબેન રમેશકુમાર નરમ, કલાબેન મહેશકુમાર પલણ તથા હસમુખભાઈના ભાઈ. લજ્જા કુનાલ દૈયા, ઈશા રાહુલ મજેઠીયા તથા સમીપના પિતાશ્રી. તે સાવિત્રીબેન મથુરાદાસ માધવજી કતિરા નેત્રાવાલાના જમાઈ. ઉષાબેન પ્રતાપ, કલ્પનાબેન વિપુલ, કવિતાબેન નીતિનના નનદોઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# રત્નકણિકા

**શ્રધ્ધા અને વિશ્વાસના સંયોગ દ્વારા મનમાં પ્રસન્નતાનો જન્મ થાય છે...- ઋગ્વેદ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા. આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૦ પંચક તા.૩ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૩, શત્તતારા નક્ષત્ર, બ્રહ્મ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૭, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – અગત્યનું કાર્ય લંબાણમાં પડી જાય. સ્વજનોથી મનદુ:ખ રહે.

**વૃષભ** – પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. ગુપ્ત યોજના પાર પાડી શકશો.

**મિથુન** – નાણાંકીય લેવડ-દેવડમાં સાવચેત રહેવું. વડીલવર્ગ દ્વારા વડીલની મદદ મળી રહે.

**કર્ક** – કાર્યબોજમાં વધારો થાય. મનમાં અકારણ ચિંતા અનુભવાય.

**સિંહ** – આત્મવિશ્વામાં વધારો થાય. નાણાંકીય સમસ્યા ઉકેલાય.

**કન્યા** – આવકમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.

**તુલા** – પ્રિયજન દ્વારા લાભ મેળવી શકશો. નાણાંકીય વ્યવહાર સચવાઈ જાય.

**વૃશ્ચિક** – મનની ચિંતા દૂર થાય. નવિન શુભ સમાચાર મળે.

**ધન** – ભાગીદારીથી લાભ થાય. ખોટી ઉતાવળ ન કરવી હિતાવહ.

**મકર** – દિવસ દરમિયાન ઉત્સાહ અનુભવાય. સંતાન દ્વારા લાભ થાય.

**કુંભ** – મનની ઈચ્છા પૂરી થાય. નાનો ખર્ચનો પ્રસંગ બને.

**મીન** – વાદ-વિવાદ ટાળવું હિતાવહ. આવક-જાવક સરભર રહે.

# પૂર્વ કચ્છમાં ખનીજ ચોરો બેફામ : ખાણ ખનીજ કચેરીના સિક્યુરીટીગાર્ડ પર કર્યો હુમલો

**ગળપાદર હાઈવે પર ચેકિંગ દરમિયાન રોયલટી કરતા વધુ ખનીજ જણાઈ આવતા ડમ્પર વજન કરવા લઈ જતા માલિકે આવી કર્યો હુમલો : ડમ્પર ભગાડી જવાયું બાદમાં લીઝ પર પહોંચેલી ટીમ સમક્ષ ખાલી ડમ્પર રજૂ પણ થયું : ફરજમાં રૂકાવટની પોલીસ ફરિયાદ, ખનીજ ચોરી અંગે સર્વે કરાયો**

ભુજ : પૂર્વ કચ્છમાં ખનીજ ચોરો બેફામ બન્યા હોય તેમ ગળપાદર હાઈવે પર ચેકિંગમાં રહેલી ટીમના સિક્યુરીટીગાર્ડ પર જીવલેણ હુમલો કરી ડમ્પર ભગાડી જવામાં આવ્યું હતું જે અંગે ફરિયાદ દાખલ થઈ છે.

અંજારની ખાણ-ખનીજ કચેરીએ માઈન્સ સુપરવાઈઝર તરીકે નોકરી કરતા મૂળ સૂરેન્દ્રનગરના ધ્રાંગધ્રાના હાલે અંજારમાં રહેતા દિલીપ મનસુખભાઈ લકુમે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ સિક્યુરીગાર્ડ જયપાલસિંહ ગોહિલ સાથે અંજાર-ગળપાદર હાઈવે મેઘપર (બોરીચી) ગામની સીમ પાસે પેટ્રોલ પમ્પની સામે વાહન ચેકિંગ કરતા ત્યારે ડમ્પર નં.જીજે૧૯-એક્સ-૨૦૦૦ ને રોકાવી તપાસ કરતા ડમ્પરમાં બ્લેકટ્રેપ ખનીજ ભરેલું હતું. રોયલટી તપાસતા ડમ્પરમાં વધુ ખનીજ ભરેલું હોવાનું જણાઈ આવતા ગાંધીધામ વજન કરાવવા લઈ જતા હતા ત્યારે કીઆ શો-રૂમ નજીક પહોંચતા ડમ્પર માલીક ફરીદ ફતેહઅલી ખોજા બાઈક પર આવ્યો અને ડમ્પરની સામે બાઈક ઊભું રાખી સરકારી ફરજમાં રૂકાવટ કરી અને આ ડમ્પર સિઝ કરવા નહીં દઉં એમ કહીં સિઝ કર્યું તો જાનથી મારી નાખીશ તેમ કહી ધમકી આપી ડ્રાઈવરને નીચે ઉતારી ડમ્પરમાં બેઠેલા સિક્યુરીટી ગાર્ડ પર લોખંડના પાઈપથી હુમલો કરી મુઢ ઈજાઓ પહોંચાડી ડમ્પરને રોડ સાઈડમાં ખાલી કરી ડમ્પર લઈ ભાગી ગયો હતો.

જે અંગે ઉપરી અધિકારીને જાણ કરતા તેઓએ જે સ્થળેથી ડમ્પરમાં માલ ભરાયો ત્યાં તપાસ કરવા આદેશ આપતા રોયલટી ઈન્સ્પેક્ટર ઈન્દુભા ઝાલા, સર્વેયર આશિષ સોજીત્રા સાથે અંજારમાં આવેલ પરેશ છોટાલાલ ઠક્કરની લીઝ પર તપાસ કરતા ખાલી ડમ્પર મળી આવ્યું હતું. જેથી ડમ્પરને સિઝ કરવામાં આવ્યું, રોયલ્ટી પાસ કરતા ખનીજની ચોરી કરી વધુ ખનીજ વહન કરતા મેમો આપવામાં આવ્યો છે. લીઝની માપણી કરવામાં આવી છે જેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં ડમ્પર માલિકે કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી સિક્યુરીટીગાર્ડ પર હુમલો કરી ડમ્પર લઈ જતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# આરટીઈ પ્રવેશના બીજા રાઉન્ડને ચૂંટણીની બ્રેક

**૭ મે ના મતદાન સંપન્ન થયા બાદ રાજ્યકક્ષાએથી તારીખ જાહેર થાય તેવી શક્યતા : બીજા રાઉન્ડ પૂર્વે પ્રથમ રાઉન્ડમાં ખાલી પડેલી બેઠકો માટે પુનઃ પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે ત્યારબાદ પ્રવેશ ફાળવાશે**

ભુજ : રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ખાનગી શાળાઓમાં ૨૫ ટકા બેઠકો પર ગરીબ તેમજ પછાત વર્ગના બાળકોને દર વર્ષે નવા શૈક્ષણીક વર્ષના પ્રારંભ પૂર્વે પ્રવેશ આપવામાં આવતો હોય છે. ચાલુ વર્ષે સમગ્ર રાજ્યની સાથોસાથ કચ્છમાં પણ ગત એટલે કે એપ્રિલ માસમાં જ સંપન્ન કરી લેવામાં આવી હતી. મેના પ્રારંભે બીજા રાઉન્ડની પ્રક્રિયા જાહેર થશે તેવી શકયતાઓ સેવાઈ રહી હતી. જો કે લોકસભા ચૂંટણીને પગલે આગામી ૭મીએ કચ્છ સહિત ગુજરાતમાં મતદાન યોજાવાનું છે. મતદાન પૂર્ણ થયા બાદ બીજો રાઉન્ડ જાહેર થાય તેવી શક્યતાઓ છે. જો કે બીજા રાઉન્ડ પૂર્વે પ્રથમ રાઉન્ડમાં ખાલી પડેલી બેઠકો માટે પુનઃ પસંદગીની પ્રક્રિયા યોજવામાં આવી શકે તેમ છે.

આ અંગેની વિગતો મુજબ આરટીઈમાં પ્રવેશ શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં કચ્છ સહિત રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓની ૨૫ ટકા પ્રમાણે ધો.૧માં પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ચાલુ વર્ષે કચ્છમાં પ્રથમ રાઉન્ડમાં કુલ્લ ૧૧૨૩ એડમીશન થયા હતા. જેમાં ૧૩ ફોર્મ રીજેક્ટ થયા હતા. જયારે ૮૦ ફોર્મ પેન્ડીંગ રહ્યા છે. કચ્છમાં કુલ્લ ૧૦૩૦ વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. ફોર્મ ભરવા અને ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૧૦૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જયારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૩૧૭૦ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી રહેવા પામી હતી. દર વર્ષે સામાન્ય રીતે પ્રથમ રાઉન્ડ સંપન્ન થયા બાદ એક પખવાડિયાની અંદર બીજો રાઉન્ડ જાહેર થઈ જતો હોય છે. જો કે આ વખતે લોકસભા ચૂંટણી હોઈ ૭મીએ યોજાનારા મતદાનને પગલે તમામ તંત્રના અધિકારી - કર્મચારીઓ તેમાં વ્યસ્ત રહેવાના હોઈ મતદાન બાદ એટલે કે, ૭મે બાદ આરટીઈ પ્રવેશના બીજા રાઉન્ડની પ્રક્રિયા જાહેર કરવામાં આવે તેવું મનાઈ રહ્યું છે. બીજો રાઉન્ડ જાહેર થાય તે પૂર્વે પ્રથમ રાઉન્ડમાં ખાલી રહી ગયેલી બેઠકો માટે પુનઃ પસંદગીની પ્રક્રિયાની એક તક આપવામાં આવે તેવી પણ શક્યતા સેવાઈ રહી છે.

# કચ્છના દિવ્યાંગ મતદારો માટે ૩૨૮ વ્હીલચેરની ફાળવણી

**જિલ્લામાં ૧૩૧૦૦ દિવ્યાંગ મતદારો પૈકી પોસ્ટલ બેલેટથી મતદાન ન કરનારાઓ માટે ઉભી કરાઈ અલાયદી સુવિધા**




ભુજ : લોકશાહીના મહાપર્વમાં તમામ મતદારો નિર્વિઘ્નરૂપે મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તંત્ર દ્વારા ખાસ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવતી હોય છે ત્યારે ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાન કરી શકે તે માટે સુવિધા અપાઈ હતી. જો કે અનેક દિવ્યાંગ મતદારો મતદાન મથકો પર જઈને મતદાન કરવા ઈચ્છિત હોઈ તેઓને મતદાન મથકો પર સમસ્યાનો સામનો ન કરવો પડે તે હેતુથી ૩૨૮ વ્હીલચેરની ફાળવણી કરવામાં આવી છે.

આ અંગેની વિગતો મુજબ લોકસભા ચૂંટણીનું મતદાન સમગ્ર રાજ્યની સાથે કચ્છ બેઠક માટે પણ ત્રીજા તબક્કામાં ૭મી મે મંગળવારના રોજ યોજાનારૂં છે. સવારે ૭ થી સાંજના ૬ સુધી યોજાનારા મતદાનમાં મહત્તમ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા પણ ખાસ લોકજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આ માટેના જુદા જુદા કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. કચ્છ કલેકટર અને મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મિતેશ પંડયાના માર્ગદર્શન હેઠળ ચૂંટણી માટેની તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે દિવ્યાંગ મતદારો માટે પણ ખાસ કરીને તેઓ મતદાન મથક ખાતે મત આપવા આવે ત્યારે તેમના માટે વ્હીલચેરની સુવિધા અને મતદાન મથક ખાતે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તે માટે આયોજન કરાયું છે. અબડાસા મત વિસ્તારના ૩૭૩ બુથો માટે ૯૫, માંડવીના ૨૮૮ બુથો માટે ૬૩, ભુજના ૩૦૩ બુથો માટે ૪૪, અંજારના ૩૦૭ બુથો માટે ૫૪, ગાંધીધામના ૨૮૦ બુથો માટે ૨૯ અને રાપરના ૨૯૩ બુથો માટે ૪૩ મળી કુલ્લ ૩૨૮ વ્હીલચેર ઉપલબ્ધ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચની સુચના મુજબ જિલ્લામાં દરેક વિધાનસભા મત વિસ્તાર દીઠ એક મતદાન મથક દિવ્યાંગ સંચાલિત મતદાન મથક બનાવવામાં આવ્યું છે. જેમાં અબડાસાનું ૩૨૩-ગણેશનગર, માંડવીમાં ૧૧૬-માંડવી-૧, ભુજમાં ૧૭૨- ભુજ૮૩, અંજારમાં ૧૯૫ - અંજાર ૧૮, ગાંધીધામમાં ૨૫૩-ગાંધીધામ ૧૩૫ અને રાપરમાં ૧૮૮-પાલનપુરના બુથને દિવ્યાંગ બુથ જાહેર કરાયા છે.

# પદ્ધર પોલીસ સ્ટેશનની સામે ટ્રક હડફેટે માધાપરના યુવાનનું મોત

**મુન્દ્રામાં ટ્રેઈલર હડફેટે બાઈક લઈને જતા યુવાનનો જીવ ગયો**

ભુજ : જિલ્લામાં માર્ગ અકસ્માતની વધતી ઘટનાઓ અંગે વધુ બે જીવલેણ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પદ્ધર પોલીસ સ્ટેશનની સામે પુલ પર ટ્રક હડફેટે નોકરી પૂર્ણ કરીને આવતા યુવાનને કાળ ભેટી ગયો હતો, જ્યારે મુન્દ્રા શહેરમાં અદાણી વિલમાર કંપનીના ગેટ નં.૨થી આસુતોષ સીએફએસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ટ્રેઈલર હડફેટે બાઈક લઈને જતા મૂળ અબડાસાના ખૂઅડાના હાલે મુન્દ્રામાં રહેતા યુવાનનું મોત થયું હતું.

જી.કે.જનરલ હોસ્પિટલમાંથી મળેલી માહિતી પ્રમાણે હતભાગી માધાપર નવાવાસમાં રહેતા પરેશપુરી પ્રવીણપુરી ગોસ્વામી પોતાની બાઈક લઈને બીકેટી કંપનીથી નોકરી પૂરી કરી ઘરે જતા હતા ત્યારે પદ્ધર પોલીસ સ્ટેશન સામે પુલ પર આ બનાવ બન્યો હતો. જેમાં ટ્રક ચાલક એચઆર ૭૪-બી-૫૧૫૬ ના પોતાનું વાહન બેદરકારીથી ચલાવી બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે આ યુવાનનું મોત થતાં પદ્ધર પોલીસમાં ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. જ્યારે મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં મૂળ અબડાસાના હાલે મુન્દ્રામાં રહેતા હિંમતસિંહ તેજમાલજી બારાચે જણાવ્યું કે, તે ત્રિસુલ ટ્રાન્સપોર્ટમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. તેમનો કૌટુંબીક સાળો દિલીપસિંહ પ્રવીણસિંહ પલ મુન્દ્રામાં જીરો પોઈન્ટથી ટી-પોઈન્ટ જતા રસ્તા પર બાઈક લઈને જતો હતો ત્યારે આસુતોષ સીએફએસ પાસે સામેથી ટ્રેઈલરના ચાલકે ટક્કર મારતા ઈજાઓ થવા પામી હતી. ટ્રેઈલર નં.આરજે૦૬-જીસી-૪૯૧૬ ના ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી દિલીપસિંહની બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જેથી ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# માંડવીનો શખ્સ પાસામાં સુરત જેલમાં ધકેલાયો



ભુજ : આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ ફેલાવતા ઈસમોને પાસા, તડીપાર, હદપાર કરવામાં આવી રહ્યા છે ત્યારે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા વધુ એક શખ્સને પાસા તળે સુરત જેલમાં મોકલવામાં આવ્યો છે.

માંડવીના બાબાવાડી ટેકરામાં રહેતા વિનોદ ઉર્ફે વિનીયો અજીતસિંહ ચૂડાસમા સામે માંડવી અને ભુજ બી-ડિવિઝન પોલીસમાં દારૂ સંદર્ભેના બે ગુના નોંધાયેલા હોઈ પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી. જે કલેક્ટર દ્વારા મંજૂર કરવામાં આવતા આરોપીને વોરંટ આપી અટકાયત કરી પાસા તળે સુરતની લાજપોર જેલમાં મોકલવામાં આવ્યો છે.

# અમદાવાદ પોલીસે એક મહિનામાં ૧૦૧ ઈસમોને પાસામાં ધકેલ્યા, સૌથી વધુ ૩૫ પાલારામાં

**કચ્છથી મોટે ભાગે પાસામાં આરોપીઓને અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગરની જેલમાં મોકલાય છે**

ભુજ : લોકસભા ચૂંટણી અનુસંધાને જાહેર જીવનમાં અસમાજિક પ્રવૃતિ ફેલાવતા તેમજ બૂટલેગરોને પાસા, હદપાર કરવામાં આવે છે. કચ્છમાં ભુજમાં ખાસ પાલારા જેલ તેમજ પૂર્વ કચ્છમાં જિલ્લા જેલ ગળપાદર છે, જો કે, કચ્છમાંથી પાસામાં આરોપીઓને મોટાભાગે અમદાવાદ, વડોદરા, સુરત અને ભાવનગરની જેલમાં મોકલવામાં આવે છે. કચ્છની તુલનાએ આ જિલ્લા મહાનગર હોવાથી ત્યાં ગુનાખોરીનું પ્રમાણ વધારે છે. ત્યારે ત્યાંથી પાસા તળે અટકાયત થતાં ઈસમોને કચ્છમાં જિલ્લા જેલ પાલારામાં મોકલવામાં આવતા હોય છે. જેમાં એક મહિનામાં અમદાવાદ પોલીસે જ સૌથી વધુ ૩૫ આરોપીઓને મોકલ્યા છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં આગામી લોકસભા ચૂંટણી અન્વયે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાહિત પ્રવૃતિ અટકાવવા માટે પોલીસ કમિશ્નર જી.એસ. મલિક દ્વારા જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ દરમિયાન બૂટલેગરો, શરીર સબંધી ગુના આચરવા વાળા તેમજ મિલકત સબંધી ગુના આચરવા વાળા માથાભારે ૧૦૧ ઈસમોની પાસા તળે અટક કરવામાં આવી છે. આ ઈસમોને વડોદરા, ભુજ, રાજકોટ, સુરતની જેલમાં મોકલવામાં આવ્યા છે, જેમાં સૌથી વધુ ભુજની પાલારા જેલમાં પ્રોહીબીશનના ૧૧, શરીર સબંધી ૧૨ અને મિલકત સબંધી ગુનાના ૧૨ મળી ૩૫ આરોપીઓને જેલમાં કેદ રહેવા માટે મોકલવામાં આવ્યા છે. જયારે વડોદરા અને રાજકોટમાં ૧૮- ૧૮ અને સુરતમાં ૩૦ કેદીઓને મુકાયા હતા.

મહત્વનું છે કે, ભુજની પાલારા જેલમાં સ્ટાફ ઓછો અને ખુખાર કેદીઓની સંખ્યા વધી રહી છે. અવાર નવાર જેલમાંથી મોબાઈલ, ગુટખા સહિતની વસ્તુઓ પણ ઝડપાતી હોય છે, ત્યારે જેલમાં સ્ટાફ વધારવો પણ અનિવાર્ય છે.

## લોકસભા ચૂંટણી - ૨૦૨૪

# કચ્છના તમામ બુથો માટે ચૂંટણી સ્ટાફને લાવવા અને મુકવા ૬૩૯ વાહનોનો થશે ઉપયોગ

**૧૯૩ ઝોનલ રૂટ માટે ૨૪૫ એસટી બસ, ૧૩૧ સરકારી વાહન અને ૨૬૩ ખાનગી વાહનો દોડાવાશે**

ભુજ : લોકસભાની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ડિસ્પેચિંગ અને રિસિવિંગ સેન્ટર નિયત થયા બાદ મતદાનકર્મીઓને તેમના બૂથ સુધી પહોંચાડવા અને ફરી પાછા લાવવા માટે ૬૩૯ જેટલા વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ લોકસભા બેઠક પર આગામી ૭ મે ના રોજ મતદાન યોજાવાનું છે. મતદાન પૂર્વે જ ચૂંટણી ફરજમાં તૈનાત કર્મયોગીઓ પોતાને સોંપાયેલા ફરજના સ્થળ પર મોરચો સંભાળી લેતા હોય છે. આ કર્મચારીઓ પોતાની સાથે ઈવીએમ મશીન ઉપરાંત મતદાનની અન્ય સામગ્રીઓ પણ લઈ જતા હોઈ તમામ કર્મીઓ ડિસ્પેચિંગ સેન્ટર ખાતે મતદાનકર્મીઓ ચૂંટણીને લગતી સામગ્રી મેળવી લે તે બાદ તેમને સોંપાયેલા મતદાન મથક સુધી જવા માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવે છે. સામાન્ય રીતે એક સ્થળે જ મતદાન મથક પાછલી ઘણી ચૂંટણીઓથી ચાલતું હોય છે. એટલે રૂટમાં ફેરફાર થવાનો અવકાશ હોતો નથી. નિર્ધારીત રૂટની વાત કરીએ તો અબડાસા વિધાનસભા બેઠકમાં ૩૭૩ મતદાન મથકો માટે ૪૪, માંડવી વિધાનસભા મત વિસ્તારના ૨૮૦ મતદાન મથકો માટે ૨૯, ભુજના ૩૦૨ મતદાન મથક માટે ૩૪, અંજારના ૨૮૮ મતદાન મથક માટે ૩૦, ગાંધીધામના ૩૦૭ મતદાન મથક માટે ૨૭ અને રાપર વિધાનસભા મત વિસ્તારના ૨૯૩ મતદાન મથકો માટે ૨૯ મળી કુલ્લ ૧૮૪૪ મતદાન મથકો માટે ૧૯૩ ઝોનલ રૂટ નિર્ધારીત કરવામાં આવ્યા છે. કચ્છના તમામ બુથો માટે ચૂંટણી સ્ટાફને લાવવા અને મુકવા ૬૩૯ વાહનોનો ઉપયોગ થશે. જેમાં ૨૪૫ એસટી બસ, ૧૩૧ સરકારી વાહન અને ૨૬૩ ખાનગી વાહનોનો સમાવેશ થાય છે. કચ્છ એસટીના જણાવ્યા અનુસાર તારીખ ૫થી ૭ મે સુધી ચૂંટણી ફરજ માટે ૨૦૫ મોટી અને ૪૦ મીની બસ ફાળવવામાં આવી છે. જો કે, એસટીના એક્સપ્રેસ રૂટના સિડ્યુઅલને તેની કોઈ અસર થશે નહીં. અન્ય નાના રૂટોને ઓછામાં ઓછો પ્રભાવ થાય તે રીતે રૂટનું સંચાલન કરવામાં આવશે.

## લોકસભા ચૂંટણી : પ્રચાર-પ્રસારના લેખાજોખા

# કચ્છમાં ભાજપની 'સભા-રેલીઓ'ની સુનામી સામે અન્ય પક્ષો વામણાં

**ભાજપે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ અને આજે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા ગાંધીધામમાં અને આવતીકાલે નવનીત રાણા ભુજમાં રોડ શો યોજવાના હોઈ : સ્ટાર પ્રચારકોની મોટી ફોજે કચ્છના તમામ વિસ્તારોને પ્રચારમાં આવરી લીધા : જ્યારે કોંગ્રેસે એક માત્ર પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલને બાદ કરતા મહદઅંશે ઉમેદવાર અને સ્થાનિક સંગઠનના સહારે વેતરણી પાર કરવા ઉતરી મેદાને : ચૂંટણી પ્રચારના ધમધમાટ સામે મતદારોનું નિરૂત્સાહી વલણ રાજકીય પક્ષો માટે બન્યું ચિંતાનું કારણ**

ભુજ : લોકસભા ચૂંટણી માટેના જાહેર પ્રચારની અવધિ અંતિમ તબક્કામાં છે. છેલ્લાં ત્રણ સપ્તાહ દરમ્યાન કચ્છ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ જિલ્લાના ૬ મત વિસ્તારોમાં નાની- મોટી જાહેર સભા- સરઘસ- રેલીઓ માટે ઉમેદવારોએ ચૂંટણી તંત્રની મંજૂરી મેળવી હતી, જે પૈકીના મહત્તમ પ્રચાર ત્રાગડાં પૂર્ણ થવા જઈ રહ્યા છે. સત્તાપક્ષ ભાજપે ચૂંટણીમાં રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત અન્ય સ્ટાર પ્રચારકોની મોટી ફોજ ઉતારી કચ્છ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મત વિસ્તારોમાં મતદારોને આકર્ષવા પ્રચારની સુનાવી લાવી દીધી છે. તો બીજીતરફ કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રમાણમાં પ્રચાર ફીક્કો રહ્યો હતો. કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના સ્ટાર પ્રચારકો ચૂંટણી પ્રચારથી જાણે દૂર જ રહ્યા હોય તેમ કચ્છમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ સિવાય અન્ય કોઈ મોટા ગજાના નેતાઓ ફરક્યા ન હોઈ ચૂંટણી પ્રચારની જવાબદારી મહદઅંશે સ્થાનીક સંગઠન અને ઉમેદવાર પુરતી જ સીમીત રહી છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ લોકસભા બેઠક પાછલા અઢી દાયકા કરતા વધુ સમયથી ભાજપના કબજામાં છે. આ સરહદી જિલ્લો ભાજપના અભેદ કિલ્લા સમાન બની ગયો છે. કચ્છ લોકસભા બેઠક માટે પક્ષ દ્વારા ઉમેદવારના નામની જાહેરાત સાથે જ ભાજપના વિનોદભાઈ ચાવડા પ્રચાર - પ્રસારમાં જોડાઈ ગયા હતા. ઉમેદવારી પત્ર ભરતી વેળાએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલનો ભુજમાં યોજાયેલ ભવ્ય રોડ શો અને વિશાળ જાહેરસભા સાથે જ ભાજપે ફોર્મ ભરતી વખતથી અત્યાર સુધીમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ ઉપરાંત રાજયના યશસ્વી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાજી આજે સાંજે ગાંધીધામમાં અને આવતીકાલે નવનીત રાણાનો ભુજમાં રોડ શો યોજાશે. જ્યાં એક તરફ ભારતીય જનતા પાર્ટીએ પોતાના સ્ટાર પ્રચારકોની મોટી ફોજ કચ્છમાં ઉતારી દીધી છે તો બીજીતરફ કચ્છ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણે ઉમેદવારી પત્ર ભર્યું ત્યાર બાદ કોંગ્રેસ વતી એક માત્ર પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલની ભુજમાં જાહેરસભા યોજાઈ હતી. તો કોંગ્રેસના અમદાવાદના ધારાસભ્ય સહિત પ્રદેશના અગ્રણીઓ, ખાટલા બેઠકો સહિત ગુપ્ત બેઠકો કરી હતી. કોંગ્રેસના સ્ટાર પ્રચારક ગણાતા રાહુલ ગાંધી કે પ્રિયંકા ગાંધીની કોઈ સભા કચ્છમાં યોજાઈ નથી. સ્ટાર પ્રચારકોના અભાવે કોંગ્રેસનો ચૂંટણી પ્રચાર પ્રમાણમાં ફીક્કો રહ્યો છે. પ્રચારના પ્રારંભથી અત્યાર સુધી ભાજપનો દબદબો જોવા મળ્યો છે. ચૂંટણી પ્રચારમાં રાજકીય પાર્ટીઓએ એડીચોટીનું જોર લગાવી મતદારોને આકર્ષવા પ્રયાસો કર્યા હતા પણ મતદારોનું અકળ વલણ ઉમેદવારોના ઉચ્ચાટમાં વધારો કરી રહ્યું છે.

# જિલ્લામાં ફાંસો ખાઈને મહિલા સહિત ત્રણ જણાએ જીંદગી ટૂંકાવી

**ભુજના પ્રમુખસ્વામીનગર, કુકમા અને કુંભારડીમાં બની ઘટના**

ભુજ : જિલ્લામાં ફાંસો ખાઈને મહિલા સહિત ત્રણ જણાએ જીંદગી ટૂંકાવી હોવાની ઘટના બની છે. ભુજ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મળેલી માહિતી મુજબ પ્રમુખસ્વામીનગરના ઓધવ એવન્યુમાં રહેતા ૩૪ વર્ષિય ઉમંગ વિનોદભાઈ માંડવિયા નામના યુવાને પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ચાદર વડે પંખામાં ફાંસો ખાઈ મોતને વ્હાલુ કરી લેતાં પરિવારમાં અરેરાટી છવાઈ જવા પામી હતી.

આ તરફ કુકમા ગામે અયોધ્યા ટાઉનશીપમાં રહેતા ૩૧ વર્ષિય વસંતબા દિલીપસિંહ સોઢાએ પોતાના ઘરે ગઈકાલે સાંજે ફાંસો ખાઈ લીધો હતો. કોઈ અગમ્ય કારણોસર પરિણીતાએ ભરેલા આ આત્મઘાતી પગલાંના કારણે બે દિકરાએ માતાની છત્રછાયા ગુમાવી હતી. પદ્ધર પોલીસે એડી દાખલ કરી મોતના કારણ જાણવાની તપાસ હાથ ધરી છે.

જયારે ભચાઉ તાલુકાના કુંભારડી ગામે કાના અનુભાની વાડીએ યુવાને ફાંસો ખાઈ લીધો હતો. પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ હતભાગી રોહિત ભાણાભાઈ કોલી નામના ૧૭ વર્ષિય કિશોરનું અગમ્ય કારણોસર મોત થયું હતું. મૃતદેહ જોતા ગળામાં પ્લાસ્ટિકની દોરી બાંધેલી હતી અને આખી લાશ ફુલાઈ ગઈ હતી. જેથી ભચાઉ પોલીસે એડી દાખલ કરીને મોતનું સચોટ કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે. જિલ્લામાં વધી રહેલા અપમૃત્યુના બનાવમાં મોટા ભાગે યુવાન જીંદગી કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે, જે ઘટનાઓએ સમાજને પણ ચિંતામાં મુકી દિધો છે.

# આકરા ઉનાળા વચ્ચે વીજ મીટર લાગ્યા દોડવા... કચ્છના સરકારી બાબુઓ કચેરીઓમાં સત્તાથી ઉપરવટ જઈ માણતા એસીની મોજ

**અનેક કચેરીઓમાં મંજૂરી વિના લાગેલા એસીની તપાસ થવી જરૂરી : નિયત કરાયેલા અધિકારીઓ સિવાયના અન્ય કર્મીઓ ખાઈ રહ્યા છે ઠંડી હવા : સરકારી કચેરીઓનું વીજબીલ પહોંચશે આસમાને**

ભુજ : કચ્છમાં ઉનાળો હાલે આકરો બની રહ્યો હોઈ તાપમાનનો પારો સતત ઉપર ચડતો જઈ રહ્યો છે. લોકસભા ચૂંટણીને પગલે આચારસંહિતા અમલી હોઈ હાલે તમામ કચેરીઓમાં ચૂંટણી સિવાયના કામો પર બ્રેક લાગી ગઈ છે. ચૂંટણી તંત્ર દ્વારા જે અધિકારી - કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરી સોંપવામાં આવી છે તેઓ તો સતત દોડતા નજરે ચડી રહ્યા છે પરંતુ જેઓ આ કામગીરીથી બાકાત છે તેઓ માટે હાલે જાણે ચડત પગારે વેકેશનમાં હોય તેમ કચ્છના સરકારી બાબુઓ કચેરીઓમાં સત્તાથી ઉપરવટ જઈ માણતા એસીની મોજ માણી રહ્યા હોઈ આકરા ઉનાળા વચ્ચે વીજ મીટર દોડવા લાગ્યા છે.

આ અંગેની વિગતો મુજબ રાજ્યના વિકાસ કમિશનરે વર્ષ ૨૦૨૦માં પરિપત્ર કર્યો હતો. જેમાં પંચાયત વિભાગની કચેરીઓમાં વર્ગ-૧ અને ૨ના અધિકારીઓએ પોતાની ચેમ્બર અને વાહનમાં સ્વ કે પરોક્ષ ખર્ચે સતા બહાર નાખવામાં આવેલા એરકંડીશનર સત્વરે દુર કરવા આદેશ કર્યો હતો. સતા બહાર આ પ્રકારની સગવડ ભોગવતા અધિકારીઓના કારણે સરકારી તિજોરી પર વીજળી બીલ અને પેટ્રોલ-ડીઝલ પેટે વધારાનો આર્થિક બોજ પડે છે. આમ, છતાં હજુ પણ સતા બહારની સગવડ મેળવવા સંખ્યાબંધ અધિકારીઓની ચેમ્બર તેમજ વાહનોમાં એસી ધમધમી રહ્યા છે. સરકારી કચેરીઓમાં ઉનાળા સિવાયના મહિનાઓનું વીજબીલ સામાન્ય આવતું હોય છે પરંતુ ઉનાળાની સિઝનનું સરકારી કચેરીઓનું વીજબીલ અંદાજે ચારગણું થઈ જાય છે, જેમાં એસીની સુવિધા ભોગવવાની સત્તા ન ધરાવતા કેટલાય અધિકારી તેમજ કર્મચારીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ ખર્ચથી પોતાની ચેમ્બર કે શાખામાં એર કન્ડિશનર લગાડી દીધા છે. આ એસી કોની મંજૂરી તેમજ કયા ખર્ચે લાગ્યા તેની માહિતી આપવામાં સબંધિત અધિકારી અને કર્મચારીઓ લાચારી વ્યકત કરી રહ્યા છે. આ સ્થિતિ માત્ર જિલ્લા મથક ભુજ કે આર્થિક પાટનગર ગાંધીધામ પુરતી સિમિત નથી. જિલ્લામાં મોટા ભાગની સરકારી કચેરીઓની તપાસ કરવામાં આવે તો ગેરકાયદે લગાડેલ સંખ્યાબંધ એસી પ્રકાશમાં આવે તેમ છે. કચ્છ જિલ્લા પંચાયત ઉપરાંત કલેકટર તેમજ તાલુકા કક્ષાએ આવેલી અન્ય સરકારી કચેરીઓમાં વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ તો શું પરંતુ વર્ગ - ૩ના કર્મચારીઓ પણ સત્તાથી ઉપરવટ જઈ પોતાની ખાનગી ચેમ્બર તેમજ એસીની સુવિધા ભોગવી રહ્યા છે. હાલે ઉનાળા દરમ્યાન સૂર્ય નારાયણના તેવર આકરા હોઈ જિલ્લાની મોટા ભાગની કચેરીઓમાં ઠંડા ઠંડા કુલ કુલનો માહોલ જોવા મળી રહ્યો છે. કચેરીનો સમય શરૂ થાય તે પૂર્વે જ આ બાબુઓના રૂમના એસી, પંખા ઓન કરી દેવામાં આવી રહ્યા છે. સત્તાથી ઉપરવટ જઈને સાહેબી ભોગવી રહેલા અધિકારી કર્મચારીઓના કારણે વીજળીના મીટરો પુર ઝડપે દોડવા લાગ્યા હોઈ વીજળીના બીલો પણ આગામી સમયમાં આસમાને પહોંચશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં દર મહિને યોજાતી મહેસુલી તેમજ સંકલન સમિતિની બેઠકમાં કલેકટર કક્ષાએથી માહિતી મેળવી ઘટતું કરવામાં આવે તો મસમોટા વીજબીલ પેટે સરકારી તિજોરીને લાગતો આર્થિક ફટકો ઘટાડી શકાય તેમ છે.